શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

કિંમત ૨૦/-

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) ♦ અતુલ સોની ♦ કુ.એક્તા કટ્ટા ♦ વર્ષ-૯ ♦ અંક-૪ એપ્રિલ-૧૪ / મે-૨૦૧૪



શબ્દ બાગ

કુટુંબ મેળો


નાભિ વિજ્ઞાન

કારકિર્દી માર્ગદર્શન

સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ !!

## 'જ્ઞાતિસેતુ' દશાબ્દી ઉત્સવ આયોજન

ભુજ : તા. ૨૯-૬-૨૦૧૪



॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૯ ● અંક : ૪
એપ્રિલ' ૧૪ - મે'૧૪

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



"…..આવરે વરસાદ…ઘેબરીયો પરસાદ…"
અષાઢી બીજને રોજ સમગ્ર કચ્છ એનું નવ વર્ષ રંગે ચંગે સોત્સાહ ઉજવે છે. ઘેર ઘેર લાપસીનાં આંધણ ઓરાય છે અને તેમાંય જો તે દિવસે, મેઘરાજાની મહેર થાય તો 'મેઘલાડુ'ની લહેર થાય.

આ વર્ષે, આ સપરમા દિવસે, એટલે કે દિનાંક ૨૯-૬-૨૦૧૪ને રોજ, આપણે પણ આપણા સમાજના એક માત્ર મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ની અગિયારમી વર્ષગાંઠ ઉજવશું. સમાજના અગ્રણીઓના આર્શિવાદ મેળવશું. સહયોગીઓના 'સદા સર્વદા 'સાથ'નું સૌજન્ય મેળવશું, શ્રેષ્ઠિઓની સહૃદય સૌગાદ મેળવશું..અને એમાં મન ભરીને વાચકોનો વહાલ ભેળવશું.

દાયકા પહેલાં આપણા સમાજમાં પરસ્પર સંવાદના સાધન રૂપે 'જ્ઞાતિસેતુ'નાં બીજ રોપાયાં. સમયાંતરે એમાં કૂંપળો ફૂટી અને સુજ્ઞ વાચકો, જ્ઞાતિ મંડળો અને ખાસ કરીને યુવા અને મહિલા મંડળોની અને મહામંડળની મજબૂત વાડ મળી. એ 'વહાલપની વાડ'ના ટેકે 'જ્ઞાતિતુ'ની વેલ ઉપર નીચે, આસપાસ યત્ર-તત્ર સર્વત્ર, ફેલાતી રહી. આજે દાયકા બાદ એ પૂર્ણત ફૂલી ફાલી છે, જેનું સેતુ પરિવારને ગૌરવ છે. આ અષાઢી બીજે જ્યારે આ વેલ એના અગીયારમાં વર્ષમાં પ્રવેશે છે. ત્યારે સહેજે 'સેતુ' પરિવારને એમ કહેવું છે કે વેલની વૃધ્ધિ પૂર્ણતઃ એની મજબૂત વાડને આભારી છે અને હવે, એ 'વાડ'ને ટેક આ વેલ ચિરઃકાળ હરિયાળી રહે તે માટે સમાજના વડિલો, "સેતુ" સભ્યોગીઓ અને લેખકો તેમજ આબાલવૃધ્ધ વાચકોના ભરપૂર વહાલની પ્રતિવર્ષ વેળાસર વર્ષા થતી રહે, તેવી અભિલાષા વ્યક્ત કરે છે.

અસ્તુ…

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

# ઇશ્વરનું કર્તવ્ય

લતા કે. હેડાઉ

આ જગતમાં બધાંને પોતાના કર્તવ્યને યાદ કરી જીવન જીવવાનું હોય છે. આવું જ એક કથાનક છે કે ઇશ્વર પોતાનું કર્તવ્ય કરે છે.

એક શિષ્ય પોતાના ગુરુજીને પુછે છે ગુરુજી ! આ જગતમાં જગતનો કર્તા પ્રભુ જે સાકાર તથા નિરાકાર રૂપે રહેલો છે. તે શું આપણી જેમજ આહાર આદિ વ્યવહાર ખાવું-પીવું બોલવું હસવું વગેરે કરતા હશે !

ગુરુજી કહે છે, વત્સ ! એક રાજાએ તારા જેવા પ્રશ્નો પૂછેલા જે મને યાદ છે, તે હું તને કહું છું તે તું સાંભળ.

મનોમયી નામની નગરી વિષે પૂર્વ કોઇ બુદ્ધિધન નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજા જાતે બુદ્ધિમાન વિદ્યાનો હોંશિલો કથા વૃતાંતોનો શ્રવણ કરનારો અને અનેક કલા કુશલ પુરુષોનો સન્માન કરનાર અને બધા વિષયો પર પ્રિતી રાખનારો હતો.

તેની આવી યોગ્ય વૃતિ હોવાથી ઘણાં વિદ્વાનો કવિઓ અને બુદ્ધિમાન પુરુષો વારંવાર તેની સભામાં આવીને માન પામતા.

એ રાજા પોતાના હાસ્ય વિનોદ આદિના શોખને માટે મશ્કરા, વાચાળ, હાજર જવાબી ખેલાડીને કુશલ પુરુષોને પણ પુરસ્કાર આપીને પોતાની સાથે રાખતો હતો.

એક દિવસ ઇશ્વર વિશે તેને થોડા પ્રશ્નો ઊઠ્યા.

રાજાએ તુરંત તે પ્રશ્નો પ્રધાન દ્વારા રાજાની સભામાં કહી સંભળાવ્યા. પરંતુ એ પ્રશ્ન પૂછવા પૂર્વ પ્રધાને મહારાજની આજ્ઞા અનુસાર જણાવ્યું કે આ પ્રશ્નોના જેઓ ઉત્તર ન આપી શકે. તેઓએ તરત રાજ છોડી જવું અને પૂનઃ મહારાજાની આજ્ઞા લઈને રાજ સભામાં પ્રવેશ કરવો.

પછી પ્રધાને સૌ સભામાં સાંભળે એવી રીતે રાજાના પ્રશ્નો રજુ કર્યા.

(૧) ઇશ્વર શું ખાય છે ?

(૨) ઇશ્વર શું કરે છે ?

(૩) ઇશ્વર ક્યાં રહે છે ?

(૪) ઇશ્વર ક્યારે હસે છે ?

આ પ્રશ્નો સાંભળીને સૌ એકબીજાના મોંઢા સામું જોવા લાગ્યા. મારા રાજ્યમાં આવા પંડિતો હતા, વિદ્વાનો હતા પણ જવાબ ન આપી શક્યા. એ સમયે રાજાએ વિચાર કર્યો કે મારી સમર્થ સભામાં આટલા બધા પંડિતો બુદ્ધિમાન પુરુષોથી પણ જેનો ઉત્તર નહીં અપાયો તેવા અગમ્ય પ્રશ્નોનો ખુલાસો કરનારો પુરુષ કંઇ થોડો અનુભવી કે થોડી યોગ્યતાવાળો તો હશે નહી. પણ કોઇ મહાત્માજ હશે.

રાજાના વચન સાંભળીને બીજે દિવસે પ્રાતઃકાલ થતાં જ મંત્રી ઘોડેસવાર થઈને કોઈ મહાત્માની શોધ કરવા નીકળ્યો. એક ગામથી બીજે ગામ એમ કરતાં બહુ દુરના દેરામાં નીકળી ગયો.

ભગવાનનું નામ લેતો સ્તુતિ કરતો એ મંત્રી મંદ પગલે જતો હતો. ત્યાં એક સુંદર ઘટાવાળું આંબાનું વૃક્ષ હતું તેની છાયા તળે વિસામો લેવા બેઠો.

એટલામાં તે ખેતરના હળ હાંકનાર ખેડુત પણ મધ્યાહન થવાથી હળ પરથી બળદો ચરવા છોડી દઈ ભાતું ખાવા માટે તે ઝાડ તળે આવ્યો. એ ખુબ સારો ખેડુત સ્વભાવે ઘણો શાંત હતો. જ્ઞાન તેજથી તેનું મુખ જગમગ કરતું હતું. તેના મુખ પર કૃપાની ને કરુણાની ઝાંખી થઈ રહી હતી.

તે આવતાં જ પ્રધાનમંત્રીનું મુખ ઉતરી ગયેલું જોઈને પૂછવા લાગ્યો ભાઈ તું કોણ છે ? શાને કારણે શોક સાગરમાં ડુબેલો દેખાય છે. તમે આજ મારા ખેતરમાં આવી ગયા તેથી તમે મારા મહેમાન છો. મારી સાથે ભોજન કરો. અને તમારા સુખદુઃખની વાતો ઇચ્છતા હો તો તે મને કહો. પછી બંને પ્રેમ સહિત ભોજન કર્યું પછી પ્રધાન મંત્રી પોતાની સઘળી વાત તે ખેડુતને કહી સંભળાવી ને છેવટે કહ્યું કે હે બ્રહ્મદેવ! હવે મારો સઘળો આધાર ઇશ્વર પર છે તેને ગમશે તે તે કરશે.

આ સાંભળી પેલા ખેડુત બ્રાહ્મણે કહ્યું ભાઈ સારું થયું કે તમે અહીં આવી ગયા. તમારા રાજાના ચારે પ્રશ્નોનો ઉત્તર ઇશ્વર કૃપાથી હું આપી શકીશ. હવે આપ વિલંબ ન કરતા રાજધાની પ્રત્યે ચાલો. આમ બંને જણ રાજાની રાજધાની તરફ ચાલવા લાગ્યા. ઘોડા પર સવારી કરતાં ત્રીજે દિવસે રાજનગરમાં આવી પહોંચ્યો.

બીજે દિવસે રાજાએ સભા ભરી અને સર્વને દેખતા સારા આસન પર બીરાજમાન કર્યો. પેલા ખેડુતને અને પુછવા લાગ્યા. પ્રશ્નો પ્રથમ પુછયું ? બ્રહ્મદેવ કહો.

ઇશ્વર શું ખાય છે ? તે સાંભળી ખેડુત બોલ્યો રાજા યૌવન ધન, સંપત્તિ પ્રભુતા બળ ઇત્યાદિ વસ્તુની પ્રાપ્તિ થતા મનુષ્યને અહંકાર આપે છે. અને દુષ્ટ કર્મો કરવા તરફ વળે છે. પ્રભુ તે અહંકારના (ભક્ષણકર્તા) ગર્વ ભંજન કરે છે. અને એ અહંકારને ખાઈ જાય છે. આ બ્રહ્મદેવ ખેડુતનો ઉત્તર સાંભળીને રાજા તથા આખી સભા અતિ હર્ષ પામ્યા. બીજો પ્રશ્ન પુછવાની ઉત્કંઠા જાગી અને બીજો પ્રશ્ન પુછવા લાગ્યા, હે બ્રહ્મદેવ ! ઇશ્વર શું કરે છે ?

ખેડુત પ્રશ્ન સાંભળી ઉત્તરમાં કહે છે સર્વતંત્ર સ્વતંત્ર સર્વેશ્વર જગદાતા પ્રભુ તૃણનો મેરુને મેરુનો તૃણ કરી દે

છે. પરમાત્માં આખા બ્રહ્માંડને ક્ષણવારમાં પ્રગટ કરે છે અને ક્ષણવારમાં લય કરવામાં શક્તિમાન છે. અને રંકને રાજા બનાવે છે ને રાજાને રંક બનાવે છે. આ ઇશ્વરનું કામ છે. આ ઉત્તર સાંભળીને આખી સભામાં આનંદ આનંદ છવાઈ ગયો.

અને રાજાએ ત્રીજો પ્રશ્ન પુછવા બ્રહ્મદેવ ખેડુત પાસે અનુમતિ માંગી.

અને ત્રીજો પ્રશ્ન પુછવા લાગ્યા.

ઇશ્વર ક્યાં રહે છે ?

તેના ઉત્તરમાં ખેડુત બ્રહ્મદેવ કહે છે ઇશ્વર સર્વત્ર વસે છે એના વિના જગતમાં કોઈ પણ ઠામ ખાલી નથી. આટલું નિશ્ચયે મણ કે પરમાત્મા ભક્તોના રાગાદિક દોષ રહિત શુદ્ધ અંતકરણમાં નિત્ય નિવાસ કરે છે.

આ પ્રશ્નનો જવાબ સાંભળીને આખી સભા રાજીરાજી થઈને તાળીઓ પાડવા લાગી.

હવે રાજા ચોથો પ્રશ્ન પુછવા લાગ્યા.

પરમેશ્વર ક્યારે હસે છે ? તેના ઉત્તરમાં ખેડુત બ્રહ્મદેવે કહ્યું જીવાત્માની વારંવાર બે વચની પણાંની કુટેવને લીધે ભગવાનને હસવું આવે છે. જ્યારે જીવ માતાના ઉદરમાં હોય છે ત્યારે તેમાંથી છુટવા માટે હીન થઈને પરમેશ્વરની પાસે અનેક પ્રકારની પ્રાર્થના કરે છે. ત્યારે ભગવાન દયા લાવીને તેને દુઃખમાંથી મુક્ત કરે છે. પરંતુ તે પહેલા તેની પાસેથી વચન લે છે કે આ હે જીવ ! વારંવાર આમ જ કરતો આવ્યો છે. તો પણ આ વખતે દયા આવવાથી તને છોડું છું માટે હવે તું સંસારમાં જઈને સન્માર્ગે વર્તજે જેથી તને આ ગર્ભવાસનું દુઃખ તને ભોગવવું ન પડે. જીવ ગર્ભમાંથી બહાર આવે છે કે સઘળું જ્ઞાન ભુલી જઈને એમાનું કશું કરતો નથી. ઊલટાનું પાપ કર્મ કરીને નરકમાં પડે છે. આમ એ જીવનું બે વચની પણુ જોઈને ભગવાનને હસવું આવે છે. આમ આ ઇશ્વરના કર્તવ્યો છે.

## "જીવન અમૂલ્ય છે, એનું મૂલ્ય જાણો"

**- જ્યોત્સ્નાબેન સોની**

જીવન અમૂલ્ય છે, એનો કોઈ મોલ નથી. જીવન સૌ જીવે છે. સાચું જીવન એ કહેવાય જે જીવનને ઓળખી શકે છે. એ સાચૂ જીવન કહેવાય છે. એ માનવ ઇશ્વરની દેન છે. એને વેડફો નહી. જીવનના મૂલ્યને ઓળખો, સમજો અને જીવન જીવો.

આજના યુગમાં બાળકો જીવન એઠલે મોજ, મસ્તી, ટી.વી., મોબાઈલ, અને કોમ્પ્યુટર નેટ એ જ આધુનિક જીવન. સાચું જીવન શું છે ? તે સમજતા નથી. જીવન તો ધર્મ, કર્મ, અને ભક્તિના મૂલ્ય રત્નથી કડારવાયો છે. એ જ્ઞાન આપણને ક્યાંથી મળે ? આવા મહત્વના પ્રશ્નનો જવાબ 'ગુરૂ' પાસે જ મળે. આપણા માતા-પિતા, વડિલ બંધુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય કે 'જીવન અમૂલ્ય છે', 'ધર્મ, કર્મ, જ્ઞાન, ભક્તિનો સુમંગ સંગમ સાથેનું જીવન એક શિક્ષકો પાસે ગુરૂનો સ્થાન પ્રાપ્ત કરી શીખવાડશે. બાળક જીવનના મૂલ્યનો પાયો તેના ઘરમાં છે. વડિલો અને માતા-પિતાએ બાળકને શીખવવું જોઈએ.'

જીવનમાં ધર્મ, કર્મ, ભક્તિ, જ્ઞાન સાથે કેવી રીતે ચાલવું એ જ્ઞાન પોતાને બાળકને આપવું. જેથી બાળક સમજે અને પ્રેરણા પ્રાપ્ત કરે. વડિલોને તે પણ ધ્યાન રાખવું કે બાળક જીવન મૂલ્ય. સમજવા માટે એક સારી શાળામાં અભ્યાસ કરાવવું, જીવનમાં સાચું ઘડતર શાળામાં શિક્ષકો દ્વારા થાય છે. સાથે-સાથે સારા પુસ્તકોના વાંચન માટે પ્રેરણા આપવી. કહેવાય છે કે,

**"ઉત્તમ પુસ્તકો એ જન્મનાર**
**અને જન્મેલી પેઢીઓ માટે**
**અમૂલ્ય વારસો છે"**

અંતમાં હું કહેવા માગું છું, પોતાના જીવનને વ્યર્થ ન કરો. જીવનમાં સમયને ઓળખો ને વિવેકથી ચાલો. 'ધર્મ, કર્મ અને ભક્તિને' સમર્પણ કરો. જેવી રીતે દિપકની જ્યોતીથી અંધકારમાં પ્રકાશ ફેલાય છે. તેમ જીવનના મૂલ્યો દિપકની જ્યોતિ' સ્વરૂપ તમારા જીવનને પ્રકાશમય બનાવશે. તેથી જ 'સમયને બચાવો, સમય તમને બચાવશે.'

'જીવન અમૂલ્ય છે આનું મૂલ્ય જાણો.'

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ-અમદાવાદ
## હાર્દિક નિમંત્રણ

દિનાંક ૨૯-૬-૨૦૧૪ને રોજ-ભુજ મધ્યે, ટાઉનહોલમાં 'જ્ઞાતિસેતુ' દશાબ્દી ઉત્સવનું આયોજન છે. આ સપરમા દિવસે સવારના ભાગે સેતુના દાયકા દરમ્યાન થયેલા વિકાસનું વડિલો દ્વારા વિહંગાવલોકન થશે, 'સેતુ'ના પ્રકાશન અંગેની દાયકા દરમ્યાનના અનુભવોની ચર્ચા થશે અને એમાં, જે સમસ્યાઓ પ્રસ્તુત થશે. તેનાં સમાધાનનાં સૂચન થશે. 'સેતુ'ના ભાવી પ્રકાશન-વિતરણ વ્યવસ્થામાં 'જ્ઞાતિ મંડળો'ના અધિક યોગદાનના વિભિન્ન આયાઓ પર ત્રણ-સબગ્રુપ વિશદ ચર્ચા વિચારણા કરી એની ભલામણો તૈયાર કરશે.

'બપોરા' પછીની જનરલ સભામાં આ ભલામણોની ઓપન ફોરમમાં ચર્ચા પછી 'સેતુ'ની વિતરણ વ્યવસ્થાનું આયોજન ડોક્યુમેન્ટ તૈયાર થશે. અમને એ વાતનો હર્ષ છે -આપણા મહામંડળે દશાબ્દી કાર્યક્રમને મહામંડળનું બેનર અને 'પ્રોત્સાહન સહયોગ' આપવા સંમતિ આપી છે.

'સેતુ'ના વાચકો, સમર્પિત સહયોગીઓ અને સહ્દય શ્રેષ્ઠીઓના ઉષ્માસભર ટેકો મળતાં 'સેતુ' આટલી પ્રગતિ કરી શક્યું છે એ એક હકીકત છે અને એટલેજ, 'સેતુ' એના અગીયારમાં વર્ષનો પ્રવેશ-પ્રારંભે સહૂ-સહયોગીઓ શ્રેષ્ઠીઓનાં યોગદાનની નોંધ લેવાનું આવશ્યક ના સમજે છે.

૨૯-૬-૨૦૧૪ (રવિવાર) બપોરે ૪ થી ૭ દરમ્યાન આયોજીત કાર્યક્રમમાં સેતુના સર્વે વાચકો, હિતેચ્છુઓ સહયોગીઓ અને સમાજના સર્વે સભ્યોને હાર્દિક-આમંત્રણ છે. આપ સહુ પધારી સેતુ પરિવારનું મનોબળ મજબૂત કરશો તેવી અમારી નમ્ર વિનંતી છે.

| અતુલ સોની | મનુભાઈ કોટડિયા | હંસરાજ કંસારા | રાજેન્દ્ર સોની |
|---|---|---|---|
| માનદ્મંત્રી | ચેરમેન-જ્ઞાતિસેતુ | મુખ્ય તંત્રી-જ્ઞાતિસેતુ | પ્રમુખ |

## 'જ્ઞાતિસેતુ' તારા વધામણાં

ગલી-મહોલ્લામાં, ગામ-શહેરમાં, દેશ-વિદેશમાં, જ્યાં નજર પડે ત્યાં "જ્ઞાતિસેતુ".
જ્ઞાતિ-પરજ્ઞાતિમાં, સાયકલ, સ્કૂટર, બસ કે પ્લેન દ્વારા ઘરે-ઘરે પહોંચતું "જ્ઞાતિસેતુ".
આબાલ-વૃધ્ધ, નર-નારી, સૌ કોઈ વાંચતુ-વંચાતુ "જ્ઞાતિસેતુ".
શીશીરઅંક, ગ્રીષ્મઅંક, વર્ષાઅંક અને દિપોત્સવી અંકે પ્રગટ થતું "જ્ઞાતિસેતુ"
જીવનનું આભુષણ, વીણાની વાણી, મહિલા જાગૃતિને ના ભૂલી શકે "જ્ઞાતિસેતુ"
કોયલના ટહુકારો દિવાળીના દીપ સાથે, રીમઝીમા બરસાત સાથે રજુ થતું "જ્ઞાતિસેતુ"
જન્મ, સગાઈ, લગ્ન, અવસાન, શ્રધ્ધાંજલિની ખાટી-મીઠી વાનગી પીરસતું "જ્ઞાતિસેતુ".
આપણી વાત, પત્રસેતુ, બાયોડેટા, શુભેચ્છા ભેટની નોંધ કરતું "જ્ઞાતિસેતુ".
વાડી-ડેરીનાં બાંધકામ કે સમાજના જીર્ણોધ્ધારના દાન માટે અપીલ કરતું "જ્ઞાતિસેતુ".
કથા, હવન, ભાગવત સપ્તાહ, સમૂહલગ્ન કે અવનવી વિવિધ માહિતી આપતું "જ્ઞાતિસેતુ".
તેજસ્વી તારલા, ભૂલકાઓની દુનિયા, જ્ઞાતિ ગૌરવને રંગ-બેરંગી રૂપે રજુ કરતું "જ્ઞાતિસેતુ".
આજીવન ગ્રાહકો નવા હોદ્દેદારો અને સ્નેહ મિલનની જાણ કરતું "જ્ઞાતિસેતુ".
નોટબુક, સ્કોલરશીપ અને વિદ્યાર્થી ઇનામ વિતરણની માહિતી આપતું "જ્ઞાતિસેતુ".
વસ્તી પત્રક વિમોચન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમૂહભોજનનો રસથાળ પીરસતું "જ્ઞાતિસેતુ".
બીજોત્સવ, પાટોત્સવ, કુળદેવી કે અતિથિ ભવનના ઉપયોગની જાણકારી આપતું "જ્ઞાતિસેતુ".
વ્યક્તિ વિશેષ જીવતું-જગતિયું કે એવોર્ડ વિજેતાઓની કદર કરતું "જ્ઞાતિસેતુ".
સમૂહલગ્ન, વાસ્તુ, ગૃહ પ્રવેશ, જાહેરાત અને વિશેષ, માર્ગદર્શન આપતું "જ્ઞાતિસેતુ".

**હંસરાજભાઈ કંસારા, અતુલભાઈ સોની, તુલસીદાસ કંસારા, એકતા કટ્ટા, મનુભાઈ કોટડીયા, સૂર્યકાંતભાઈ સોની, ચિરાગ બુધ્ધભટ્ટી, કનુભાઈ બીજલાણી, શૈલેષ કંસારા, સુધાબેન બુધ્ધભટ્ટી, પી. જી.સોની (દાસ) અને સૌ વહાલા પ્રતિનિધિઓના સહયોગે પ્રાપ્ત થતું "જ્ઞાતિસેતુ". "જ્ઞાતિસેતુ" ૧૦ વર્ષ પૂરા કરી ૧૧માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે "પલક" કેમ ભૂલી શકે "જ્ઞાતિસેતુ"ને અને હૃદયપૂર્વક શુભકામનાઓ "જ્ઞાતિસેતુ"ને.**

**-પલક ગુજરાતી-માધાપર**

# સેતુ સમન્વય અને સંવર્ધન (૨)

તુલસીદાસ કંસારા, અમદાવાદ

આપણે સેતુ સેમિનારની વાત આગળ વધારીએ તે પહેલાં મારે એક સવાલ દોહરાવવો છે, જે મેં અમદાવાદમાં મંડળની સ્થાપનાના પ્રસ્તાવ લઈને આવનાર મારા મિત્રોને પણ પૂછ્યો હતો કે મંડળ શા માટે સ્થાપવું છે ? અમદાવાદમાં ત્યારે કોઈ મંડળ હતુંજ નહીં અને આપણા પ્રશ્નો હતા ધરતીકંપની અસરમાંથી બહાર આવતા આપણા પરિવારો સાથે કનેક્ટ થઈને સામાજીક સ્તરે કંઈક કરી છૂટવાની ભાવના. આ માટે અમદાવાદ જેવા ચારે તરફ ફેલાયેલ શહેરમાં રહેતા આપણા ૧૦૦ થી પણ ઓછા ઘરો વચ્ચે સંપર્ક અને સંવાદ પ્રસ્થાપિત કરી શકવાની તાતી જરૂરીયાત હતી. માટે પ્રથમ પ્રોજેક્ટ થયો વસતિ પત્રકનો, જેમાંથી જન્મ થયો ''એક-બીજાને ઓળખવાનો હેતુ'' પંચ લાઈનનો અને ત્યારબાદ સેતુનો. (ત્યારબાદ જેવી રીતે સાબરમતી ઉપર આવેલ અનેક પુલો નીચેથી નર્મદાના પાણી પણ વહી રહ્યા છે, અને સાબરમતી ફરી જાણે બાર-માસી નદી બની ગયેલ છે, તેવીજ રીતે આ જ્ઞાતીસેતુ દર બે મહિને કચ્છ અને બ્રહદ કચ્છના બહોળા વિસ્તારોમાં વસતા આપણા જ્ઞાતિજનોની જ્ઞાન (માહિતી) પિપાસા છિપાવતું, સંપર્કની જરૂરીયાતને સભાનતા પૂર્વક સંતોષતું રહેલ છે.)

અહીં હું એક આડવાત કહેવાની ધૃષ્ટતા કરીશ. તમે જોતા હશો કે ઘણી દુકાનોમાં, મોટા સ્ટોરોમાં, કાચ કે પ્લાસ્ટીકની પારદર્શક બરણી કાઉન્ટર ઉપર પડેલી હોય છે જેમાં ચલણી નોટો દેખાતી હોય છે અને ઉપર ડોનેશનનું સ્ટીકર લગાવેલું હોય છે. હવે તેમાં કેટલા ગ્રાહકો રુપીયા નાખે છે અને તે રકમનું દાન ક્યારે અને કેમ થાય છે તે સવાલ મને હંમેશ મુંઝવે છે. પરંતુ મને અહીં આપેલ એક ''તુરત દાન ને મહાપુણ્ય'' જેવી વાત ગમી ગઈ જે તમારી સાથે શેર કરૂં છું.

**વન ઓન ધ વોલઃ**

“હું અને મારો મિત્ર એક કોફીશોપમાં ગયા ત્યારે ત્યાં બે જણ આવીને બેઠા અન ત્રણ કોફીનો ઓર્ડર આપતા બોલ્યા કે વન ઓન ધ વોલ.”

વેઇઠર બે કોફી લાવ્યો, તેમણે પીધી, અને ત્રણ કોફીના પૈસા આપીને ચાલતા થયા. થોડીજ વારમાં વેઇટર ખાલી કપ ઉપાડવા આવ્યો, સાથે એક મોટું સ્ટીકર હતું, જેમાં એક કોફી લખેલું હતું, તે તેણે વોલ-દિવાલ ઉપર ચીપકાવ્યું. અમને નવાઈ લાગી. હજુ અમે કોફીની ચુસ્કીઓ લેતા હતા, ત્યાં બીજા બે જણ આવ્યા અને ચાર કપ કોફીનો ઓર્ડર આપ્યો અને બોલ્યા ટુ ઓન ધ વોલ. તેઓએ બે કપ કોફી પીધી, ચારના પૈસા આપ્યા, અને રૂટીન પ્રમાણે વેઇટરે બે કપ લખેલું સ્ટીકર વોલ ઉપર ચીપકાવ્યું. થોડી નવાઈ પમાડે તેવી કોફી શોપ લાગી.

થોડા દિવસો બાદ ફરી એ તરફ જવાનું થયું. કોફી હાઉસ યાદ આવ્યું, અને કોફી પીવા ગયા. હજુ તો અમે કોફી ઓર્ડર કરીએ, ત્યાંજ એક મુફલિસ દેખાતો, લગર-વગર માણસ દાખલ થયો, અમારી બાજુની ટેબલ પર બેઠો. વેઇટરે પુરી નમ્રતાથી પૂછ્યું કે સાહેબ શું લાવું ? પેલા શખ્સે દિવાલ તરફ જોયું અને કહ્યું વન કોફી ફ્રોમ ધ વોલ.

વેઇટર એજ શિસ્ત અને નમ્રતા સાથે ‘યસ સર’ કહીને ગયો અને એક કોફી લાવ્યો. પેલાએ તે આરામથી પીધી અને પૈસા ચૂકવ્યા વગર ચાલતો થયો. વેઇટરે આવીને ખાલી કપ ઉપાડ્યો અને વોલ ઉપર ચીપકાવેલ સ્ટીકરોમાંથી એક કપ કોફીનું સ્ટીકર ઉઠાવી લીધું !

માનવીની માનવી તરીકેની ગરીમા જાળવી, તે ગમે તે હાલતમાં હોય તો પણ તેનો પુરો માન-મરતબો જાળવવાની કેટલી ઉમદા રસમ !”

આમ આપણે પણ આપણી જ્ઞાતી, સમાજ કે મંડળ કે મહામંડળના દરેક સભ્ય, પરિવાર અને વ્યક્તિનો માન મરતબો જળવાય અને જરૂરીયાતમંદોને કોફી ફ્રોમ ધ વોલ મળતી રહે તેવી વ્યવસ્થા વિચારીએ તો મહામંડળ સંલગ્ન દરેક મંડળો તેમજ સેતુના સમન્વય અને સંવર્ધના આ સેમિનારનો હેતુ દરેક સ્તરે પ્રતિબીંબીત થશે, અનેકના આશીર્વાદ પણ મળશે.

**સેતુ માટે લાંબા ગાળાની નાણાકીય વ્યવસ્થાઃ**

જ્યારે કોઈપણ નાણાકીય ખર્ચ ધરાવતી મેગેઝીન પ્રસિદ્ધ કરવા જેવી પ્રવૃત્તિ સતત લાંબા સમય માટે ચલાવવાની હોય ત્યારે તે પ્રવૃત્તિમાંથી જ તેના માટેનો ખર્ચ નીકળે તેવું આયોજન થાય તે ઇચ્છનીય છે. આપણે આ તે કેવી રીતે શક્ય બને તે વિશે ગયા અંકમાં થોડું જોયું. આ વખતે અહીં હું દરેક સ્તરના મંડળનો માટે એક મેનેજમેન્ટના સિદ્ધાંત આધારીત સૂચન કરવાનું પસંદ કરીશ.

**લો ઓફ પારેટો :**

ઇટાલીમાં ૧૯૦૬માં એક અર્થશાસ્ત્રી વિલ્ફ્રેડો પારેટો થઈ ગયો જેણે જોયું કે ત્યાંની વસ્તિના ૨૦ ટકા લોકો પાસે ૮૦ ટકા જમીન હતી, તેણે તે પણ જોયું કે પોતાના બગીચામાં ૮૦ ટકા વટાણાના બીજ ૨૦ ટકા ફળીમાંથી મળતા હતા. આમ તેણે પ્રસ્થાપિત કરેલ ૮૦:૨૦ રેશિયોને લો ઓફ પારેટો કહેવામાં આવે છે. આપણે પણ દરેક ફીલ્ડમાં ઉપયોગી તેવા આ અર્થશાસ્ત્રીના સામાન્ય સિદ્ધાંતનો પ્રયોગ કરવા જેવો

છે. આખી દુનિયાના આવા આંકડાઓ એકત્રિત કરી પ્રસિદ્ધ કરવાનું કામ કરતી બધાજ દેશોની માન્ય યુનાઇટેડ નેશન્સન ડેવલપમેન્ટ પ્રોગ્રામ તેના ૧૯૯૨ના રિપોર્ટમાં દર્શાવેલ આવકના આંકડાઓમાં ઇટાલિયન અર્થશાસ્ત્રી પારેટોના સિદ્ધાંતની વાસ્તવિક્તા પ્રદર્શીત છે. (જુઓ ટેબલ-વિક્રીપડીયામાંથી લીધેલ છે.)

| વસ્તિની ટકાવારી (વીસ ટકા પ્રમાણે) | આવકની ટકાવારી |
|---|---|
| સૌથી ઉપરનો વર્ગ | ૮૨.૭૦ |
| તેના પછીનો હાયર મીડલ ક્લાસ | ૧૧.૭૫ |
| મીડલ ક્લાસ કે લોઅર મીડલ ક્લાસ | ૨.૩૦ |
| ગરીબ વર્ગ | ૧.૮૫ |
| ગરીબ વર્ગ પણ નીચે | ૧.૪૦ |

હવે જ્યારે ૧૦૦ રૂપીયા લેખે આખી દુનિયામાંથી માત્ર ૨૦ ટકા વસ્તિ પાસે ૮૦ રૂપીયા કરતાં પણ વધારે આવક હોય, અને બાકીની વીસ ટકા કરતાં પણ ઓછી આવકમાંથી બાકીના લોકોને ચલાવવાનું હોય તો તેઓની જીવનપદ્ધત્તિ કેવી રહે ? આવીજ રીતે જો આપણા દરેક શહેર અને ગ્રામ્ય કક્ષાનાં મંડળો, માત્ર ઇન્કમટેક્ષ ભરતા અને ના ભરતા લોકોનો સર્વે કરીને પરિવારોની કે વ્યક્તિગત આવક જાણવાના પ્રોજેક્ટ કરે તો આપણા સમાજના આર્થિક સ્તરોનો ખ્યાલ આવે અને સોનીનું કામ કરતા હોય તે બધાજ પૈસાદાર હોય તેવી એક ભ્રામક માન્યતા દૂર થાય. એટલુંજ નહીં, જે કુટુમ્બો થોડા સમય કે લાંબા સમયથી અછત અનુભવતા હોય અને કોઇને કહી પણ ના શકે અને સહી પણ ના શકે તેવી પરિસ્થિતીમાંથી પસાર થતા હોય, તેવા પરિવારોની માહિતી સ્થાનિક મંડળો પાસે તો હોયજ, તો તે લોકો તેમને શૈક્ષણિક કે મેડિકલ જેવી બાબતોમાં સલાહ સૂચન તેમજ જરૂરી નાણાકીય સવલતો માટેની ગોઠવણ કરાવી આપી શકે, અને પ્રાથમિક સવલતો જેવી કે રોટી, કપડા ઔર મકાનથી વંચિત લોકો માટે કંઇક કરી છૂટે, અને તે પણ પેલી કોફીશોપની જેમ માનવતાની ગરીમા જાળવીને.

**સામાજીક મેગેઝીન અને લો ઓફ પારેટો :**

આવીજ રીતે સેતુનો ફેલાવો વધારવા માટે આ “લો ઓફ પારેટો” નામના મેનેજમેન્ટ ટૂલનો ઉપયોગ માત્ર નાણાકીય બાબતમાં નહિ પરંતુ અનેક રીતે થઈ શકે. જેમકે તેની કન્ટેન્ટ. કઈ કન્ટેન્ટમાં વાચકોને વધારે રસ પડે છે, તેના સમયનું આયોજન, તેના ડિસ્ટ્રીબ્યુશન અને તેમાં લાગતા ખર્ચ, કઈ જગ્યાએ સેતુ નથી પહોંચતું, ક્યાંથી લવાજમ નથી આવતું, સમાજના સભ્યો જાહેરાત સિવાય અન્ય કઈ રીતે મદદરૂપ થઈ શકે તેમ છે, ઇત્યાદિ બાબતો વિશે વિચારણા કરવા માટે સમન્વય સમિતિના સભ્યોને આ ટૂલ ચોક્કસ મદદગાર થઈ શકે.

હવે આપણે કોઈ એક સામાજીક મેગેઝીન લઈએ, જેમાં મોટેભાગે લેખકોને કોઈ વળતર આપવામાં નથી આવતું, કાર્યકરો પ્રૂફ રીડીંગ અને ડિઝાઇનીંગ જેવા કામો સ્વયંસેવક તરીકે કરતા હોય છે, કમ્પાઈલેશન કરનાર, ગ્રાફીક તેમજ પેજમેકર જેવા સોફ્ટવેર-કમ્પ્યૂટર ઓપરેટર પાસે ઓછામાં ઓછા ખર્ચે કામ લેવાનું, પ્રિન્ટીંગ પ્રેસ સાથે વાટાઘાટો કરી સમયસર કામ કઢાવવાનું, પેપરની ખરીદી, ડિસ્પેચ, ઇત્યાદિ મેનેજરીયલ ફંક્શન પણ વિના મૂલ્યે થતા હોય છે, ત્યારે માત્ર બેઝીક કોસ્ટની ધારણા સાથે અહીં એક અનુમાનિત-સંભવિત પડતર કિંમતનો દાખલો લીધેલ છે, જે હકીકતો ઉપર બિલ્કુલ આધારિત નથી. અહીં આપણે લો ઓફ પારેટો કેટલે અંશે લાગુ પડે છે તે તપાસી રહ્યા છીએ. આપણે જો નીચે આપેલ કોઠામાં જોઈશું તો જણાશે કે એંસી ટકા ઉપરનો ખર્ચ માત્ર પેપર અને પ્રિન્ટીંગનો થાય છે, પરંતુ ડિસ્પેચમાં જો દરેક કોપીએ બે રૂપીયાને બદલે પાંચ રૂપીયાનો ખર્ચ કરવો પડે, ટપાલ ખાતું દર વધારે, તો ટકાવારી બદલાઈ જાય. સામે અહીં જો દરેક સેન્ટર પર જથ્થાબંધ કોપીઓ દરેક મંડળને મોકલવામાં આવે તો ખર્ચમાં બચત થાય અને દરેક મંડળ તેવી જવાબદારી સ્વિકારે તો તેમના કાર્યકરોનો સંપર્ક તેમના સભ્ય પરિવારો સાથે વધી શકે. આમ ટ્રીપલ ફાયદો થાય. ખર્ચમાં બચત, અંક ન મળવાની કે મોડા મળવાની ફરિયાદો કે કચવાટોનો અંત અને સ્થાનિક મંડળોનો સતત સંપર્ક. અલબત્ત આ મોટા શહેરોમાં કદાચ શક્ય ન બને, પરંતુ જ્યાં સભ્યો નજદીકમાં રહેતા હોય, અથવા તેમના કામના સ્થળ એકજ બજાર કે એકજ એરીયામાં હોય, તેમના માટે આ શક્ય છે.

આ બે વાત પછી, સેતુની “સમજણના સૂર” ઝૂંબેશ વખતે, બે વરસ પહેલાં લખેલ ચાર સુસંગત પંક્તિઓ અહીં પ્રસ્તુત કરેલ છે.

સેતુનો હેતુ એટલે સમજણ સંવર્ધનના સૂર,
સમજણની સરગમમાં હોય સૌનો એકજ સૂર
ક્યારેક કોઈ સૂર બે-સૂર થાય તેમાં કોઇનો નહિં કસૂર,
એતો માત્ર ક્ષણિક સ્વભાવની માત્રાનો કસૂર
સમ-જણ એટલે દૂરંદેશી, જે બુદ્ધિનું કામ,
સમજણ એટલે કરાર, તેમાં ના હોય તકરાર,
તેમાં ભળે લાગણીવેડા, તો થાય નહિં કામ,

થોડી ધિરજ, થોડો આવકાર અને સ્વિકાર...
સગપણ એટલે ઓળખાણની શરૂઆત,
બે કુટુંબ વચ્ચે ખૂશી-મજા માણવાની શરૂઆત
બે યુવા-હૈયાઓની લાગણીઓના વણાટની શરૂઆત,
અને લગ્ન એટલે માગણીઓ નહિં પણ ત્યાગની શરૂઆત.
સમ-જણ એ રામ-રસતાનું પહેલું પગથીયું,
સમજણ નહિં ત્યાં શાંતિ નહિં,
સમજણ નહિં ત્યાં ત્યાગ નહિં,
સમજણ નહિં ત્યાં સંવાદ નહિં, માત્ર વિ-સંવાદ,
અને વિવાદ, સમજણ નહિં ત્યાં બે જણ પણ નહિં.
એક-બીજામાં તન્મય થવાની તક પણ નહિં,
સમ-જણ નહિં ત્યાં સમજ અને સમાજ નહિ...!
એતો ગાડરીયાનું ટોળું...!!
માટેજ બે જણ વચ્ચે પણ જોઈએ સમજણ નો સેતુ,
બે કુટુંબ વચ્ચે જોઈએ સ્વિકારનો હેતુ,
કુટુમ્બોથી બનતી જ્ઞાતિના વિકાસનો હેતુ, ત્યાગ,
શાંતિ અને સમજ છે સમજણના ભેતુ..

## જ્ઞાતિ સેતુ દશાબ્દી વક્તૃત્વ સ્પર્ધા

જ્ઞાતિસેતુ દશાબ્દી વર્ષ ઉજવણીના ઉપક્રમે ભુજ જ્ઞાતિ મહિલા મંડળના સહયોગથી એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા.૨૮-૬-૨૦૧૪ શનિવારના રોજ ભુજ ખાતે કરવામાં આવેલ છે. વકતૃત્વ સ્પર્ધાના વિષય નીચે મુજબ છે.

(૧) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જ્ઞાતિના વિદ્યાર્થીઓની હાલની સ્થિતિ, કારણો અને ભાવી સફળતા માટેના ઉપાયો.
(૨) વંશ પરંપરાગત ધંધા ઘસાવાના કારણો અને નિવારણના ઉપાયો.
(૩) સગપણ/લગ્ન ટૂટવાના કારણો અને નિવારણના ઉપાયો.
(૪) સંયુક્ત કુટુંબ ટૂટવાના કારણો અને નિવારણના ઉપાયો.

આ સ્પર્ધામાં ૨૦ વર્ષથી ઉપરની ઉંમરના જ્ઞાતિજનો ભાગ લઈ શકશે.

વિશેષ વિગત માટે શ્રીમતી લતાબેન સોલંકી-ભુજ મો.નં.૯૭૨૫૩૨૯૪૪૪ નો સંપર્ક કરવા વિનંતી.

## "સેતુ દશાબ્દી નિમિત્તે સેતુ વિષેના વિચારો"

**સોની મહેશકુમાર તુલસીદાસ-અંજાર**

સૌ પ્રથમ તો 'જ્ઞાતિસેતુ' પ્રગટ કરવાનો જેમને વિચાર આવ્યો તેમને સૌને અભિનંદન. દર બે માસે 'સેતુ' પ્રગટ થવાથી આજે જ્ઞાતિજનો એકબીજાની ખૂબજ નજીક આવી ગયા છે. સમાજનો વિકાસ થવા લાગ્યો છે. દેશ-વિદેશમાં વસ્તા જ્ઞાતિજનોની માહિતી ઘર બેઠા મળી જાય છે. નવા-નવા સંબંધો થવા લાગ્યા છે. આપણી જ્ઞાતિની તાકાતમાં વધારો થયો છે, જ્ઞાતિજનોમાં સંપની ભાવના વિકસી છે.

'સેતુ' પ્રગટ થયાને દશ વર્ષ થયા. વાંચન કરતા કરતા ક્યા સમય પસાર થયો, ખબર ન પડી. સેતુમાં વ્યક્તિ પરિચય, નવા-નવા બનાવો, લેખો, વાર્તાલાપ, રચનાઓ ખૂબજ રસપ્રદ હોય છે. 'સેતુ' પ્રગટ થાય છે તેથી કલમ ચાલે છે. 'સેતુ'ના માધ્યમથી સર્વે જ્ઞાતિજનોનો વિકાસ થાય છે. જ્ઞાતિ ભાવનાનો ઉદય થાય છે. સેતુના માધ્યમથી વિવિધ સ્પર્ધાઓ થવાથી જ્ઞાતિજનોની આવડત કે હોંશિયારીની કદર થાય છે. પોતાના વિચાર પ્રગટ કરવાનો અવસર મળે છે.

સેતુમાં અતુલભાઈ સોનીનો ખાદ્યતેલની પસંદગીનો લેખ ખૂબ સારો લાગ્યો. પ્રથમ વખત જીવન ઉપયોગી માહિતી મળી. જીવનમાં ક્યા અટકવું અને ક્યા ટકવું એ સેતુમાંથી જાણવા મળ્યું. 'સેતુ'માં બાળકો અને વિદ્યાર્થીઓ માટે નવા-નવા કોર્ષની માહિતી મળે છે. જેથી તેમનો ભાવિ ઉજ્જવળ બને છે.

સેતુના સંપાદક તરીકે આપની મહેનત અને જહેમત દાદ માગી લે તેવી છે. વરસમાં એક વખત સેતુના તંત્રીમંડળના કાર્યકરોનું સન્માન થવું જોઈએ. અંક પ્રગટ કરવું સરળ છે પણ ટકાવી રાખવું ખૂબજ મુશ્કેલ છે. મંદિરમાં પૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થાય છે અને તે દિવસે ઉત્સવ ઉજવાય છે પણ મંદિર દરરોજ નિયમીત ખોલવું જરૂરી છે સેતુ નિયમિત મળી જાય છે. તેનો આનંદ છે.

ટૂંકમાં, સેતુ હંમેશ માટે પ્રગટ થતું રહે, લોકોને મળતું રહે, જ્ઞાતિજનો તેમાં સહકાર આપતા રહે. 'સેતુ' મારા જીવનમાં એવું વણાઈ ગયું છે કે ક્યારેક એકાદ-બે દિવસ મોડું પ્રાપ્ત થાય તો એમ થાય કે 'જીવનમાં કંઈક ખૂટે છે' સેતુ વાચવા ન મળે તો જીવન નિરાશ થઈ જાય છે. 'જીવનમાં કંઈક ખૂટે છે' સેતુ વાચવા ન મળે તો જીવન નિરાશ થઈ જાય છે. 'જ્ઞાતિસેતુ' મારા સર્વસ્વ છે.

# શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ, ભુજ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ તરફથી તા.૧૧-૪-૧૪ અગિયારસના રોજ નવનિર્મિત 'સ્મૃતિ હોલ' મધ્યે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવેલ જેમાં જ્ઞાતિની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી, મહિલા મંડળની બહેનોએ પૂજામાં ભાગ લીધો હતો. તેમજ સત્સંગ મંડળની બહેનોએ કથા બાદ ભજનોનો કાર્યક્રમ રાખ્યો હતો. જેનો પ્રતિસાદ સારો મળ્યો હતો. મહિલા મંડળ-ભુજ તરફથી પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

**સમરકેમ્પ**

બાળકોની પરીક્ષાઓ પૂર્ણ થતાંજ બાળકો વેકેશન માણવા માટે ઉત્સુક હોય છે. નીતનવું જ્ઞાન મેળવવાની ઉત્સુકતા અને કૌશલ્ય કેળવવાની સાથે સાથે ગમ્મત પણ કરવાનો સમય એટલે જ 'સમરકેમ્પ.'

હાલમાં જ તા.૨૮-૪-૧૪ થી તા.૩-૪-૧૪ સુધી સર્વ જ્ઞાતિના ૩ થી ૧૪ વર્ષના બાળકો માટે સમરકેમ્પનું આયોજન મહિલા મંડળે કર્યું. જેમાં ૩૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.



ચેરપર્સન નીલાબેન પોમલ તેમજ ભાવનાબેન ચનાણી હતા. તેમણે સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. બાળકો માટે વિવિધ ગેમ્સ, ક્વીઝ કોન્ટેસ્ટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ બાળકોને સંસ્કાર સિંચન તેમજ યોગાસનની તાલીમ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ આપી હતી, ત્યારબાદ વિવિધ ગેમ્સ બન્ને ચેરપર્સન દ્વારા રમાડવામાં આવી હતી.

ત્રીજે દિવસે 'ક્વીઝ કોન્ટેસ્ટ'નો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં બાળકોને રોહિણી બુધ્ધભટ્ટી તેમજ ચેરપર્સન્સ દ્વારા પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. જેમાં બાળકોએ સંતોષકારક જવાબો આપેલ.

ચોથે દિવસે બાળકોને 'એલોહા સેન્ટર' પર લઈ જવામાં આવેલ જ્યાં વિવિધ એક્ટીવીટીમાં તેમને સામેલ કરવામાં આવ્યા હતા. બાળકોને ત્યાં ડાન્સીંગ, એરોબિક્સ, મેથ્સ, ઇઝી કાઉંટીંગ વગેરે શીખવવામાં આવ્યા હતા.



પાંચમે દિવસે બાળકોને આઉટીંગ માટે ધોળાવા હનુમાનજીના મંદિર સ્થળે લઈ જવામાં આવેલ જ્યાં બગીચો, હિંચકા તેમજ લસરપટ્ટી પર રમવામાં બાળકોને ખુબજ મજા પડી હતી. અને અંતિમ સમાપન દિવસે બાળકોની ફેશન પરેડ યોજવામાં આવેલ જેમાં બાળકો વિવિધ વેશભૂષા સાથે હાજર રહ્યા હતા. ગોપી, રાધા, મહાદેવ, પોલીસમેન, બિઝનેશમેન જેવા વિવિધ ફેન્સી ડ્રેસમાં બાળકો દિપી ઉઠ્યા હતા અને તેમની વાક્છટ્ટાનું તો કહેવું જ શું ? ૩ ૧/૨ વર્ષની બાળકી ભૂમિ સાકરિયા પરી બની હતી સાથે બોલકી પણ એટલી જ કાલીઘેલી ભાષામાં બોલતા બાળકોને જોઈ અમે બધા પણ પોતાના બાળપણમાં જાણે આવી ગયા હતા.

બાળકોને દરરોજ નાસ્તો-ગીફ્ટ વગેરે મહિલા મંડળ તેમજ તેના હોદ્દેદારો, જ્ઞાતિજનો તરફથી પણ આપવામાં આવતો હતો.

વિવિધ ગેમ્સમાં નંબર લાવનાર બાળકોના નામ નીચે મુજબ છે.

- શ્રુતી હેડાઉ - નીવા પરમાર - યેશા ગુજરાતી
- દેવ પરમાર

ડ્રોઇંગમાં નંબર મેળવનાર બાળકો :

- મીરા હેડાઉ - દેવ વ્યાસ - યશ બુધ્ધભટ્ટી
- ટીશા બુધ્ધભટ્ટી

સમરકેમ્પ પૂર્ણાહુતિ દિને દેવ પરમારનો જન્મદિવસ હોતાં તેમના પરિવાર તરફથી શ્રીમતી નિલમબેન પરમાર (જામનગરવાળા) તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. છેલ્લે દિવસે બધાજ બાળકોને વિવિધ ગીફ્ટ તેમજ

વિજેતાઓને ઇનામો તથા નાસ્તો આપવામાં આવેલ. બધાજ બાળકો સાથે તેમના મા-બાપ પણ છેલ્લે દિવસે હાજર રહ્યા હતા. અને બાળકોની પ્રવૃત્તિ જોઈ ખુશ થઈ ગયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળના પ્રમુખ સાથે કારોબારી સભ્યો, હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

સમરકેમ્પમાં બાળકોને નાસ્તો-ગિફ્ટ આપનારના નામ
- નિલાબેન પોમલ - ભાવનાબેન ચનાણી
- લતાબેન આઈ. સોલંકી - અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી
- રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી - મીરા-શ્રુતિ હેડાઉના પેરેન્ટસ તરફથી - મહિલા મંડળ તરફથી - મીનાબેન દેસાઈ તરફથી આલોહા સેન્ટર પર લઈ ગયા હતા ત્યારે નાસ્તો આપવામાં આવેલ. - નિલમબેન પરમાર (જામનગરવાળા) તરફથી પણ તેમના દિકરાના જન્મદિવસ પ્રસંગે બાળકોને નાસ્તો આપવામાં આવેલ.

**ચરબી માપનનો કાર્યક્રમ**

તા.૧૪-૪-૧૪ના રોજ ‘લગ્નવાડી’ મધ્યે મહિલા મંડળ-ભુજની જનરલ મિટીંગમાં બહેનો માટે ‘ચરબી માપન’નો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ જેનો ૩૦ થી વધુ બહેનોએ લાભ લીધેલ હતો. આ કાર્યક્રમમાં જામનગરના વતની શ્રી પ્રશાંતભાઈ પરમાર તેમજ હર્ષવીબેન પરમારે આ સેવા આપી હતી. મહિલા મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં જ્ઞાતિની બહેનો ઉમળકાભેર ભાગ લેતી રહે છે. તેનું આ ઉમદા ઉદાહરણ કહી શકાય. બહેનોએ હેલ્થ અંગેના પ્રશ્નો પ્રશાંતભાઈને પૂછ્યા હતા જેના સંતોષકારક જવાબો તેમણે આપ્યા હતા. બહેનોએ ડાયેટ અંગેના પ્રશ્નો તેમજ તે અંગે કઈ કઈ પરેજી પાડવી વગેરે પ્રશ્નો પૂછ્યા હતા. આ કાર્યક્રમના ચેરપર્સન અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી રહ્યા હતા. મહિલા મંડળ તરફથી પ્રશાંતભાઈ તેમજ હર્ષવીબેનનું સુવેનિયર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમાપન રોહિણી બુધ્ધભટ્ટીની આભારવિધિ સાથે કરવામાં આવ્યું.

# કચ્છ-માંડવી જ્ઞાતિની જનરલ સભા

**વિનોદભાઈ કંસારા**

શ્રી કચ્છ-માંડવી જ્ઞાતિની જનરલ મિટીંગ તા.૧૭-૩-૧૪ ધુળેટીના શ્રી કાલીકા માતાજીના મંદિરમાં રાત્રે ૯-૩૦ કલાકે મળેલ જેમાં દર વર્ષની માફક વાર્ષિક હિસાબોની રજુઆત તેમજ જ્ઞાતિની પ્રગતિ અંગેની વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવેલ હતી જેમાં પ્રથમ વાર્ષિક હિસાબોની રજુઆત શ્રી વિનોદ કંસારા દ્વારા કરવામાં આવેલ આવક જાવક તથા પાટોત્સવ પ્રસંગે મહાપ્રસાદ સહિતનાં હિસાબોની રજુઆત કરવામાં આવેલ જેમને ઉપસ્થિત જ્ઞાતિજનોએ બહાલી આપેલ.

શ્રી સુરેશભાઇના પ્રમુખ પદનો ચાર વર્ષો સફળ સમયગાળો પૂર્ણ થતાં નવા પ્રમુખની નિમણુંક માટેની જ્ઞાતિજનો સમક્ષ દરખાસ્ત મુકતાં પ્રમુખપદને માટે યોગ્ય વ્યક્તિની પસંદગી શક્ય બનેલ જેનાં અનુસંધાને કારોબારી અને જ્ઞાતિજનોની સંયુક્ત સંમતિથી પ્રમુખપદને માટે યોગ્યતા ધરાવતા અને છેલ્લા આઠ વર્ષથી મહામંત્રીના મહત્વના પદ પર રહીને જ્ઞાતિને સેવા આપનાર શ્રી હરેશભાઈ નેણશી બારમેડાને આગ્રહ કરતાં તેમણે પદ સ્વીકારવાની સંમતિ આપેલ.

શ્રી અ.ભા.મા.કં.સોની જ્ઞાતિ મહામંડળમાં મહામંત્રીના મહત્વનો હોદો ધરાવતા શ્રી સુરેશભાઈ સોલંકી પોતાના પ્રમુખપદ પર પુર્ણ વિરામ મુકતાં પોતાના વ્યક્તત્વમાં જણાવ્યું કે પરિવર્તન સંસારનો નિયમ છે જેને સ્વીકારીને અનુસરવું એજ સાચી સમજદારી છે. જ્ઞાતિના દરેક કાર્યોમાં તન, મન અને ધનથી સહકાર આપવાની તેમણે ખાત્રી આપેલ. તેમજ નવા પ્રમુખની વરણી સાથે જ્ઞાતિ સફળતાના શિખરો સર કરે એવી ભાવના વ્યક્ત કરેલ.

અનુસંધાને જ્ઞાતિમાં છેલ્લા આઠ વર્ષથી મહામંત્રીના પદે રહી જ્ઞાતિની સેવામાં સદા તત્પર એવા શ્રી હરેશભાઈ બારમેડા પ્રમુખપદે આરૂઢ થતાં નવી કારોબારીની રચના કરી. પોતાના વ્યક્તત્વમાં જ્ઞાતિજનો પાસે સહકારની ભાવનાની અપેક્ષા સાથે જણાવ્યું કે કોઈપણ સમાજનો સર્વાંગી વિકાસ સેવા, સંગઠન અને સહકાર વિના શક્ય નથી, માટે જ્ઞાતિની પ્રગતિ માટે મારાથી બનતો શક્ય એટલો પ્રયાસ જરૂર કરીશ એવી ખાત્રી આપવા સાથે જ્ઞાતિજનોને પણ સાથ સહકાર આપવાની અપીલ કરી જેનો સર્વે જ્ઞાતિજનોએ સ્વીકાર સાથે સંમતિ દર્શાવેલ ત્યારબાદ આભાર સહ જનરલ મિટીંગની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

**કારોબારી સમિતી**

શ્રી હરેશ નેણશી બારમેડા-પ્રમુખ
શ્રી રમેશ વાલજી બીજલાણી-ઉપપ્રમુખ
શ્રી વિનોદ વલભદાસ હેડાઉ-મંત્રી
શ્રી સુરેશ પ્રાગજી સોલંકી-ખજાનચી
શ્રી ચંદુલાલ વાલજી બીજલાણી-સહમંત્રી
શ્રી પ્રવિણ લક્ષ્મીદાસ સોલંકી-સહખજાનચી
શ્રી આનંદ જેઠાલાલ બુધ્ધભટી-સભ્ય
શ્રી રાજેશ ધનજી બુધ્ધભટી-સભ્ય
શ્રી વેલજી દેવજી પોમલ-સભ્ય
શ્રી કૈલાશ લક્ષ્મીદાસ સોલંકી-સભ્ય
શ્રી પ્રવિણ શંભુલાલ સોલંકી-સભ્ય

# સોલંકી યુવક મંડળ-દુધઈ

ગીરીશ અમૃતલાલ સોલંકી

મહાસુદ આઠમ એટલે માઈ આઠમ નવરાત્રી આ દિવસે શ્રી માતાજીની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માતાજીના નૈવેદ્ય-હવન-ઉપવાસ-એકટાણા કરી માતાજીને પ્રસન્ન કરીએ છીએ.

તા.૭-૨-૧૪ શુક્રવારના રોજ દુધઈ મુકામે શ્રી સમસ્ત મારૂ કંસારા સોની સોલંકી યુવક મંડળ આયોજીત શ્રી વારાહી માતાજી (વેરાઈ)ના મંદિરે નૈવેદ્ય-હવન-સમૂહ પ્રસાદ-જનરલ મીટીંગ તથા સરસ્વતી સન્માનના કાર્યક્રમ યોજેલ.

સવારે ૮-૩૦ કલાકેથી ધાર્મિક વિધીમાં હવનનું કાર્ય ગોરબાપા શ્રી દેવેનભાઈ મહારાજે શરૂ કરાવેલ. હવનના આ વર્ષના યજમાન તરીકે જેરામભાઈ ટોકરશી-દુધઈવાળા પરીવારના સભ્યોએ લાભ લીધેલ હતો તેમજ ઉપસ્થિત દરક ભાઈ-બહેનોએ હવનમાં આહુતી આપી માતાજીના આર્શીવાદ મેળવેલ.



ધાર્મિક વિધી સાથે સાથે જનરલ મીટીંગનું કાર્ય ૧૨ કલાકેથી શરૂ કરવામાં આવેલ. પ્રમુખશ્રી કિશોરભાઈના અધ્યક્ષ સ્થાને મળેલ તેમની સાથે મંચ પર (૧) પ્રાણલાલ જેરામ-ગાંધીધામ (૨) ધર્મેન્દ્રભાઈ ભાઈલાલ-તલોદ (૩) હરીલાલભાઈ હેમરાજ-નખત્રાણા (૪) સુરેશભાઈ પ્રાગજી-માંડવી (૫) કાન્તીભાઈ વિશનજી-નારણપર (૬) અમૃતલાલ જેઠાલાલ-ભુજ વગેરે બિરાજેલ. મીટીંગની શરૂઆત કરતાં મંત્રીશ્રી નવિનભાઈએ ઉપસ્થિત દરેક ભાઈ-બહેનોનું શાબ્દિક સ્વાગત કરેલ ત્યારબાદ ગત મીટીંગનું વાચન કરેલ. ત્યારબાદ ખજાનચી ગિરીશભાઈએ વાર્ષિક હિસાબો રજુ કરેલ જે બહાલ કરવામાં આવેલ.

આ વર્ષના મુખ્ય એજન્ડામાં પ્રમુખશ્રી ટર્મ પુરી થતાં નવા પ્રમુખની વરણી કરવી. જેમાં કિર્તીભાઈ કેશવજીએ પ્રમુખ



તરીકે કિશોરભાઈને ત્રીજી ટર્મ માટે નામ રજુઆત કરેલી જેને સર્વ સભ્યોએ સમર્થન આપીને પ્રમુખ તરીકે કિશોરભાઈને ત્રીજી ટર્મ માટે વરણી કરવામાં આવેલ નટવરલાલ જેઠાલાલ-ભુજ દ્વારા માતાજીના વર્ષમાં થતા-પ્રસંગે થતા નૈવેદ્યની બુક દરેક સભ્યોને આપવામાં આવેલી હતી.

ત્યારબાદ સરસ્વતી સન્માનનું કાર્ય શરૂ કરવામાં આવેલ. આ વર્ષ ધોરણ-૧૦ થી ઉપરના કુલ-૨૩ છાત્ર છાત્રાઓનું સન્માન કરવામાં આવેલ. આ સાથે ઉર્વી જયેશભાઈ-સામત્રાનું વિશિષ્ટ સિધ્ધી બદલ સન્માન કરેલ સાથેજ MBBS (ડૉક્ટર)ની ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ શ્રી હિર યોગેશભાઈ-ભુજ તથા શ્રી હેત યોગેશભાઈ-ભુજ નું પ્રમુખશ્રી દ્વારા સિલ્વર મેડલથી સન્માન કરેલ.

આજના પ્રસંગના ધાર્મિક વિધી તથા ભોજન સાથે સંપૂર્ણ ખર્ચના દાતા શ્રી જેરામભાઈ ટોકરશી-દુધઈવાળા પરીવારના સભ્યો હતા. જ્યારે સરસ્વતી સન્માન ખર્ચના દાતા ધર્મેન્દ્રભાઈ ભાઈલાલ-તલોદવાળા હતા. આ સાથે બન્ને દાતાઓનું મંડળ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ અંતમાં મંત્રીશ્રીએ ઉપસ્થિત દરેક સભ્યો તથા ભુમીદાન-સન્માન ખર્ચ-ધાર્મિક ખર્ચ તથા પાટોત્સવ નિમિત્તે દાન આપનાર તથા મુંબઈ-વડોદરા-અમદાવાદ-વડાલી-ખેડબ્રહ્મા-તથા કચ્છના દરેક ગામથી પધારેલા અંદાજીત ૫૦૦ થી વધુ જણનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરેલ.

મીટીંગ-સન્માન કાર્યક્રમ બાદ સર્વ સભ્યો-મહેમાનોએ ૧-૩૦ કલાકેથી સમૂહ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.. કાર્યક્રમ જે ૩ કલાકે પૂર્ણ થયેલ.

આજના કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખ-મંત્રી-ખજાનચી ઉપરાંત ઉમેશભાઈ-હિતેષભાઈ-યોગેશભાઈ-ત્રિલોકભાઈ-કિરીટભાઈ-પ્રશાંતભાઈ-રાહુલભાઈ તથા જયેશભાઈ વગેરેએ ખુબજ જહેમત ઉઠાવેલ.

# કુટુંબ મેળો

**પરેશ સી. ગુજરાતી-ભુજ**

કુટુંબ એક એવી સામાજિક સંસ્થા છે જ્યાં માનવી પોતાની પ્રગતિ સાધી શકે છે, સમાજમાં રહેતા શીખી શકે છે, મુશ્કેલીઓનો સાથે મળીને સામનો કરતા શીખી શકે છે. આ રીતે કોઈપણ વ્યક્તિ માટે કુટુંબ ખૂબજ જરૂરી છે પરંતુ કુટુંબમાં જ્યારે ઈર્ષા અને કુસંપ, સ્વાર્થ પ્રવેશે છે ત્યારે કુટુંબો તૂટે છે. આજના આધુનિક જમાનામાં પૈસાના મહત્વને કારણે ઘણી વખત કુટુંબો તૂટે છે ઘણા કુટુંબોમાં છોકરી કરતા છોકરાને વધુ મહત્વ આપી છોકરીની શક્તિઓને કુંઠિત કરી દેવામાં આવે છે. ઘણા માતાપિતા કમાતી કન્યાને પરણાવવાની ચિંતા કરતા નથી અને પોતાના સ્વાર્થમાં કન્યાનું જીવતર બગાડે છે. બાળપણમાં બાળકના મન ઉપર કુંટુબના વાતાવરણની સીધી અસર થાય છે.

પિતા મહેનત કરીને પૈસા કમાતા હોય અને માતા સમજી વિચારીને ઘેર ચલાવે, વસ્તુનો ખોટો બગાડ થા નદે તેમજ જ્યાં ખર્ચ કરવાની જરૂર હોય ત્યાં વિના સંકોચે તે કરે પરંતુ ખોટા મોભા અથવા ન પોષાતા શોખ માટે ખર્ચ ઉપર કાબુ રાખે તો સંતાન પણ પૈસાનો યોગ્ય ઉપયોગ કરતા શીખશે. આજે ઘણા માતા-પિતા પોતાના સંતાનના અભ્યાસને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દે છે. પોતાનું સંતાન ખૂબ ટકા લાવે તેવો આગ્રહ રાખે છે અને પરિણામે સંતાન ઉપર અભ્યાસનું દબાણ શરૂ થાય છે અમુક સંજોગોમાં તે અભ્યાસને ભય અથવા દુશ્મનની નજરે જોવા લાગે છે. આ ભય તેની એકાગ્રતાને તોડી નાખે છે તે પોતાનો વિશ્વાસ પોતાનામાંથી ગુમાવી દે છે.

જ્યારે સંતાન યુવાવસ્થામાં આવે ત્યારે માતાપિતાએ સૌથી વધારે ધ્યાન રાખવાની જરૂર પડે છે. પુત્ર માટે પિતાએ મિત્ર તથા પુત્રી માટે માતાએ સખી બની તેની શક્તિઓનો અભ્યાસ કરી તે શક્તિઓને સફળતાના પથ ઉપર લઈ જવા માટે પ્રયત્નો કરવા જોઈએ. યુવાનીમાં ઘણા સંતાનો કુટેવના ભોગ થઈ પડે છે. તમાકુ, સિગારેટનું સેવન, દારૂ પીવો, જુગાર, વ્યભિચાર, વગેરે કુટેવોનો યુવાન ભોગ બની શકે છે. આવા સમયે ઘણા માતા-પિતા શરૂઆતમાં કોઈ ફરિયાદ કરે તો માનવા તૈયાર હોતા નથી અથવા ઘણા માતા પિતા અતિ ક્રોધી થઈ જાય છે. બન્ને સ્થિતિ નુકશાનકારક છે. સંતાનને કુટેવમાંથી મુક્ત કરવાના હિંમતભર્યા પગલા લેવા જોઈએ. તેના માટે સમય આપવો જોઈએ. ક્રોધથી કુટેવ વધવાની શક્યતાઓ છે.

આજના ટી.વી. અને મોબાઈલના આધુનિક જમાનામાં સંતાનોની જાતજાતની વસ્તુઓ માટેની માંગ વધી ગઈ છે. દરેક માતા-પિતાની તે વસ્તુઓ ખરીદવા માટે શક્તિ હોતી નથી. પરિણામે ઘરમાં કંકાસ પ્રવેશે છે. આવા સમયે સંતાનને સંજોગોથી માહિતગાર કરવા જોઈએ તથા યથાશક્તિ થોડો ખર્ચ કરવો જોઈએ. યુવાનોએ પોતાના માતાપિતાની સ્થિતિ સમજવી જોઈએ. યુવાની પછી વ્યક્તિમાં પુખ્તતા આવે છે. વ્યક્તિને મળેલ જીવનસાથી કૌટુંબિક જીવન માટે મોટો ભાગ ભજવે છે. એક વ્યક્તિ જ્યારે સ્વાર્થી બને, પૈસાને અને ભૌતિક સુખોને જ મહત્વ આપવા લાગે ત્યારે તે કુટુંબને તોડવાનું કાર્ય કરે છે પરંતુ જે કુટુંબોએ સાચા અર્થમાં સંપ જાળવી રાખ્યો હોય છે તે કુટુંબના સભ્યોને એકતાનો સામનો કરવો પડતો નથી. સંપ એટલે એક જ ઘરમાં, એક જ છત નીછે રહેવું તે નહિ પરંતુ સંપનો અર્થ એ છે કે મકાનો ભલે જુદા હોય પણ દિલ એક હોવા જોઈએ. સંપનો અર્થ એ છે કે કુટુંબના સભ્યો તકલીફમાં-દુઃખમાં એક સાથે ઊભા રહે અને એકબીજાને મદદરૂપ થઈ પડે. આનંદના પ્રસંગો સાથે ઉજવે અને નાની નાની વાતો માટે કડવાશ ન સર્જે.

મિત્રો, તમારા કુટુંબના માળાને પીંખી નાખવાને બદલે તેને સુદૃઢ બનાવો. તમે અને તમારા કુટુંબીજનો તમારા કુટુંબ માટે ગૌરવ અનુભવો તેવી રીતે જીવો.

:- તમારા કુટુંબને સુખી કરવા :-

H : happy atmosphere - આનંદી વાતાવરણ

O : offer help - મદદની તત્પરતા

M : Manage it well - યોગ્યની સંચાલન

E : earn, spend & save- કમાવ, યોગ્ય ખર્ચ અને બચત

## ભક્તો તારા તુજ પર ભારી


તું નિર્ગુણ પણ ભક્ત સગુણ છે
નિર્વિકાર તું નિર્વિકલ્પ છે
તુંજમાં ચિત્ત સમાવિષ્ટ કરતા
ભક્તો તારા તુજ પર ભારી.
તને વિરાટ બનાવ્યો જેને
અને બ્રહ્માંડે સ્થાપ્યો જેને
તન-મન-ધન કીધાં જે અર્પણ
એ ભક્તો છે તુજ પર ભારી.

આફત વખતે અવિચળ રહેતા
દુઃખ ડુંગરને મૂંગે સહેતા
એ તો એની માયા કહેતા
એવા ભક્તો તુજ પર ભારી
બગદાણાના સંત જોઈલો
વીરપુરના ભક્તને ભાળો
જૂનાગઢના નરસિ નિરાળા
નિશ્ચિત એ તુજ પર છે ભારી

**ભાણજી ચુનિલાલ સોની-નાગપુર**

# અમેરિકા - ૨૦૧૪ (૨)

તુલસી કંસારા, અમદાવાદ



**રસ્તાઓમાં પ્રથમ નંબરનું રાષ્ટ્રઃ**

અમેરિકા તેના કુલ રસ્તા ૬૫,૮૬,૬૧૦ કી.મી.ની દૃષ્ટિએ દુનિયાનું પ્રથમ નંબરનું રાષ્ટ્ર છે. જ્યારે ભારતનો નંબર બીજો આવે છે. (૪૬,૮૯,૮૪૨ કી.મી.) અલબત્ત ક્વોલિટીની રીતે તો આ દેશ ક્યાંય આગળ છે. જ્યારે આપણે તે દિશામાં આગળ વધવાનું ૧૯૯૫ થી શરૂ કરેલ છે, જેમાં સૌથી ઝડપી અને સારા રસ્તાઓનું કામકાજ ગુજરાતમાં થયેલ છે.

આપણે ત્યાં અમદાવાદથી નડીયાદ કેટલું દૂર એમ પૂછીએ તો જવાબ મળે પચાસ કી.મી. જ્યારે અહીં ગાડીમાં ક્યાંય પણ જવા બહાર નીકળીએ અને પૂછીએ કે તે કેટલું દૂર છે તો જવાબ મળે પીસ્તાલીસ મીનિટ કે એક કલાક. અહીં રસ્તામાં તમને માઈલ સ્ટોન નથી દેખાતા, પરંતુ વાત બધી પા માઈલ અને અડધા માઈલમાં થાય છે, કારણ કે તમને જે સાઈન બોર્ડ વાંચવા મળે કે જીપીએસ ઉપરનો અવાજ કહેતો હોય તે હોય છે હવે પછીની એક્ઝીટ-હાઈવેથી બહાર નીકળવાનો રસ્તો કેટલો દૂર છે, જે ૩/૪, કે ૧/૨ માઈલ હોઈ શકે, આમ તમને પહેલેથીજ એલર્ટ કરવા માટે આ પદ્ધતિ અપનાવવામાં આવી હશે.

**ફેડરલ હાઈવેઝઃ**

૧,૫૭,૭૨૪ માઈલ (૨,૫૩,૮૩૨ કી.મી.)નું નેટવર્ક ધરાવતા અહીંના રાષ્ટ્રીય ગ્રીડના હાઈવે અને તેને જોડતા રસ્તાઓને રાઉટ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે, અને તે દરેક રાજ્યોને જોડતા હોવાથી ફેડરલ હાઈવે પણ કહેવાય છે. આ સિસ્ટમની રચના ૧૯૨૬ માં કરવામાં આવી ત્યારથી દરેક હાઈવે જે જે રાજ્યમાંથી પસાર થતા હોય તે રાજ્ય અથવા તો સ્થાનિક સરકાર તેની જાળવણી કરે છે. અને આ આખી સિસ્ટમનું સંકલન અમેરિકન એસોસીએશન ઓફ સ્ટેટ હાઈવે એન્ડ ટ્રાન્સપોર્ટેશનના હોદ્દારો કરે છે.

૨૩૬૯ માઈલ (૩૮૧૩ કી.મી.)ની લંબાઈ ધરાવતો રુટ વન અથવા તો યુએસ-૧ એ અમેરિકાના પૂર્વ કાંઠાનો ઉત્તર-દક્ષિણને જોડતો સારી એવી લંબાઈનો એક હાઈવે છે. તે ફોર્ટ કેન્ટ, મેઇન-કેનેડીયન બોર્ડરથી કી-વેસ્ટ, ફ્લોરીડા સુધી જાય છે. આની લંબાઈની રીતે સરખામણી કરવાની હોય તો નમો જ્યાંથી ચૂંટણી લડ્યા હતા. તે વારાણસીથી શરૂ થતો અને કન્યાકુમારી સુધી પહોંચતા નેશનલ હાઈવે નં.૭, જે ૨૮૪૧ માઈલ (૪૫૭૨ કી.મી.) નો છે તેની સાથે થઈ શકે. આવોજ રૂટ ૯૫ નંબરનો હાઈવે બેઝીકલી પશ્ચિમ અમેરિકામાં ઉથ્થરની કેનેડીયન સરહદે ઇસ્ટપોર્ટ (બાઉન્ડ્રી કાઉન્ટી, ઇડાહો)થી દક્ષિણની સરહદે જતો ૧૫૭૪ માઈલ (૨૫૩૩ કી.મી.) લાંબો રસ્તો છે, જે દક્ષિણે મેક્સીકન બોર્ડર પાસે આવેલ સાન લુઇસ (એરીઝોના)ને જોડે છે.

યુએસનો સૌથી લાંબો રૂટ નંબર ૨૦ પૂર્વના એટલાન્ટીકના કિનારે, કેનમોર સ્કેવર, બોસ્ટોન થી પશ્ચિમના પેસીફિકના કિનારે ન્યુપોર્ટ, ઓરેગોન સુધી જાય છે જે ૩૩૬૫ માઈલ (૫૪૧૫ કી.મી.) લાંબો છે. અહીં ઉત્તરથી દક્ષિણે જતા હાઈવેના રૂટ નંબર એકી સંખ્યાથી શરૂ થતા હોય છે જ્યારે પૂર્વથી પશ્ચિમના રૂટ બેકી સંખ્યા ધરાવતા હોય છે.

લાલુ યાદવે એક જમાનામાં કહ્યું હતું કે તે બિહારના રસ્તાઓ હેમામાલિનીના ગાલ જેવા બનાવી દેશે પરંતુ તેણે પ્રોત્સાહિત કરેલ ઘાસ-ચારાના રાજકારણમાં તેના ગાલ હેમામાલિની જેવા જરૂર થઈ ગયા છે. અહીંના રસ્તાઓ જો એણે જોયા હોય તો બેહૂદી સરખામણી કરવાનું ટાળી શકે !

**ટર્નપાઈકઃ**

ટોલરોડનું બીજું નામ ટર્નપાઈક અને એનજે ટર્નપાઈક (NITP) એ ન્યુજર્સીના એક ટોલરોડનું નામ, જેને ટોલ-વે પણ કહેવાય છે. ૧૮ અને ૧૯મી સદીમાં મુખ્ય રસ્તાઓ પર કર ઉઘરાવવા માટે પાર્લામેન્ટના કાયદાથી ટર્નપાઈક ટ્રસ્ટ નામની સંસ્થા ઉભી કરવામાં આવેલ હતી. રસ્તાઓ સિવાય પુલ અને ટનેલના વપરાશ માટે પણ ઉઘરાવવામાં ટોલ આવે છે. આ નાણામાંથી રસ્તાઓ, પુલ કે ટનેલ બાંધવાના અને રિપેરીંગ માટેના ખર્ચ ઉપરાંત ભવિષ્યના ખર્ચ પેટે પણ અમૂક ફંડ જમા કરવામાં આવે છે. તદ્ઉપરાંત, ટ્રાફીકના નિયમો પર પણ આ ટોલટેક્ષનો એક ટૂલ તરીકે ઉપયોગ કરવામાં આવે છે, દા.ત. ન્યુયોર્ક જતા પુલ ઉપરથી પસાર થતી એક ગાડીમાં ચાર વ્યક્તિઓ બેઠેલ હોય તો ટોલટેક્ષ ઓછો લાગે અને એકજ વ્યક્તિ તે ગાડી લઈ જતી હોય તો ટોલટેક્ષ વધી જાય. આ 'કાર-પુલીંગ' વ્યવસ્થા ન્યુયોર્ક જતી કે આવતી ગાડીઓની સંખ્યા ઓછી કરી રસ્તા પર ટ્રાફિક જામ ઓછો થાય તે માટે કરવામાં આવતી હોય છે. ન્યુયોર્કમાં તો જગ્યાની તંગીને કારણે પ્રાઈવેટ પાર્કીંગનો મોટો ધંધો છે અને એરીયા પ્રમાણે એક કલાકના ૧૫ થી ૩૦ ડોલરનો ચાર્જ કરવામાં આવતો હોય છે.

**E-Z ઇઝીપાસઃ**

ટોલ પરની બધી વ્યવસ્થા કમ્પ્યુટર દ્વારા ચાલતી હોય છે જેમાં ઇઝીપાસ સિસ્ટમનો મોટો ફાળો છે જે એક વખત તમારી ગાડીમાં નખાવી લ્યો એટલે કોઈપણ ટોલ-ગેટમાંથી તમારી ગાડી સમયની બરબાદી વગર સડસડાટ નીકળી જાય

અને મહિનાની આખરે આવતા બીલમાં કુલ રકમનો આંકડો વિગત-વાર આવી જાય. આને કારણે અહીંના વીઆઈપીઓ તો ઠીક પણ સામાન્ય પ્રજાજનોને પણ આપણે ત્યાં બગડે છે તેવો સમય બગાડવો પડતો નથી તેમજ આપણા એમએલએ કે એમપીની જેમ ટોલટેક્ષ ઉઘરાવનાર કારકૂન સામે બંદૂક તાકવાની કે લાફા મારવાની નોબત આવતી નથી !

**રસ્તાનું રીપેરીંગ પણ સ્ટાઈલમાં !**

અહીં પણ વરસાદ કે અન્ય કારણસર રસ્તા ખરાબ થતા હોય છે, પરંતુ મેઇન્ટેનન્સ અને કામ-ચોરી તેમજ માલ-ચોરીનો અભાવ તે અહીંની ખાસીયત છે. બે દિવસ પહેલાંજ અહીંની લાયબ્રેરી પાસેનો રસ્તો રીપેર થતો હતો, એક છેડે એક પુલીસ, પછી રોડ બ્લોક કે ડાયવર્ટ કરવા માટે લાલ-પીળી-બ્લુ લાઈટો ધરાવતી વેન, પછી રસ્તો રીપેર કરતી મશીનરી સાથેના વાહનો અને મઝદૂરો અને ત્યારબાદ ફરી લાલ-પીળી-બ્લુ લાઈટો ધરાવતી વેન, અને તેની આગળ પોલીસ-જે પેલી તરફના ટ્રાફીકને સિગ્નલ આપે કે ડાયવર્ટ કરે, અને નક્કી કરેલ ખર્ચ તેમજ સમયમાં કામ ફીનીસ કરે. રસ્તો ચાલુ !

**રિવર્સ એલર્ટઃ**

આ લખવાનું ચાલુ હતું ને મારો મોબાઈલ જોરશોરથી અલગ જાતનો અવાજ કાઢવા લાગ્યો...જોયું તો એલર્ટ ફ્લેશ થતી હતી જેમાં એક ગાડી નંબર અને ગાડીનું વર્ણન હતું.. મેં મારા દિકરાને પૂછ્યું કે આ શું છે ? તો કહે કે આને રિવર્સ એલર્ટ કહેવાય છે. સામાન્ય રીતે અહીં ૯૧૧ પબ્લિક માટે છે અને તે ડાયલ કરો એટલે પોલીસ તુરતજ આવી જાય, જ્યારે પોલીસને પબ્લિકની હેલ્પની જરૂર હોય કે લોકોનો પૂર આવ્યાની કે આતંદવાદી જેવા હૂમલા થવાની જાણ કરવાની હોય ત્યારે આવી રિવર્સ એલર્ટ આવે અને તમે તેમાં જણાવેલ એલર્ટ પ્રમાણે કંઈક શકમંદ જણાય તો તુર્તજ પોલીસને જણાવી શકો છો, દા.ત. અત્યારે આવેલ એલર્ટ પ્રમાણે તે નંબરની ગાડી તમને દેખાય તો તમે પોલીસને જાણ કરો. આવી રીતે પોલીસ અહીં પબ્લીકનો સહકાર મેળવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

**સોસિયલ નેવીગેશનઃ**

આવી બીજી જાણવા લાયક બાબત અત્યારે નીકળેલ સોસિયલ નેવીગેશનની ફેસેલીટી ધરાવતા જીપીએસમાં પણ પ્રોવાઈડ કરવામાં આવેલ છે, દા.ત. તમે ચોક્કસ હાઈવે પરથી જઈ રહ્યા છો અને તમારી આંખ સામેજ એક્સીડન્ટ થાય છે, તમે સાઈડમાંથી ગાડી આગળ લઈને તમારા જીપીએસમાં તે એક્સીડન્ટની વિગત નાખો એટલે તે તુરત જ તે રસ્તે આવતા જતા દરેક કાર ચાલકને આવી સુવિધા ધરાવતા જીપીએસમાં ફ્લેશ થશે જેથી જે લોકોએ ડાઈવર્ઝન લેવું હોય તે અન્ય રસ્તો પકડી શકે અને પોલીસ પણ સમય ગુમાવ્યા વગર આવી પહોંચે...!

**પોલીસ - પ્રજાની મિત્રઃ**

કોઈપણ રાજસત્તા સામાન્ય પ્રજાજનોને દેખાતી હોય તો તે છે આખી કે જાંબુડી યુનીફોર્મમાં સજ્જ પોલીસ, અહીંની પોલીસ, જેને કોપ કહેવામાં આવે છે, માત્ર દેખાતીજ નથી પરંતુ અસરકારક રીતે કાર્યરત છે. આપણે ત્યાં ખૂન થઈ જાય તો પણ પોલીસ પહેલાં હદ નક્કી કરીને પછી ગૂનો નોંધે. જ્યારે અહીં એક ફોન કરો એટલે અલાદિનના ચીરાગને ઘસવાથી જેમ તુરત જ જીન હાજર થાય તેમ લાલ-પીળી-બ્લુ બત્તીઓ સાથેની સાયરન વગાડતી, ઓછામાં ઓછી પાંચ મિનિટના રિસ્પોન્સ ટાઈમમાં પોલીસ આવી જાય.

તાજેતરનો દાખલો આપુ તો તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૧૪ને રોજ સામાન હેરફેર કરવા અમે એક ટ્રક ભાડે કરીને સામાન્ અમારા ફ્લેટની નીચેના ગેરેજમાં ભરી રહેલ હતા.. રાત્રે બારેક વાગ્યા હશે. બાજુના ગેરેજ વાડાની ગાડી આવી અને તેને લાગ્યું કે તેની ગાડી ગેરેજમાં દાખલ કરવામાં ટ્રક આડી આવે છે. અમે ટ્રકને થોડી આગળ લીધી અને તેની ગાડી તેના ગેરેજમાં ચાલી ગઈ. થોડી મિનિટોજ થઈ હશે અને પોલીસની ગાડી આવી. બે પોલીસવાળા નીચે ઉતરી પૂછવા લાગ્યા. તેમને સમજાવ્યા કે જો ટ્રક સામેની બાજુ રાખવામાં આવે તો રસ્તો રોકાય. તેમણે રોડ ઉપર ચક્કર લગાવ્યા અને કહ્યું કે તમારી વાત સાચી છે. ત્યારબાદ તેઓ બન્ને ચોથા માળે જે ચીનાએ ફરીયાદ કરેલ તેમના ફ્લેટમાં ગયા અને તેને સમજાવ્યું કે કોઈએ રોડ બ્લોક કરેલ નથી અને તમારી ફરીયાદ મળતાંજ અમે બધું ચેક કરી લીધેલ છે.

આટલી વાત પરથી ખ્યાલ આવી જાય છે કે અહીં માત્ર રિસ્પોન્સ ટાઈમ ઓછામાં ઓછો છે પરંતુ પોલીસ ખરેખર પ્રજાના મિત્ર તરીકે પોતાની જાતેજ સ્થળ પર જોઈ, વિચારીને નિર્ણય પણ લે છે અને ફરિયાદ કરનારને ફિડબેક પણ આપે ચે, કન્વિન્સીંગ જવાબ પણ આપે છે. જ્યારે આપણે ત્યાં પોલીસ ડિપાર્ટમેન્ટ વિશે એક જનરલ ઇમ્પ્રેશન રાજાશાહીના વખતથી ચાલી આવે છે અને આઝાદીના ૬૭માં વરસે પણ તેમાં કોઇ બહુ મોટો ફેર પડેલ નથી. તમારે કોઈ ફરિયાદ કરવાની થઈ તો પહેલાં તો હદ નક્કી કરવી પડે, પછી ફરિયાદ નોંધવાના વાંધા, પછી ફરિયાદ કરનારને ખંખેરવાનો અને ત્યારબાદ જેની સામે ફરિયાદ હોય તેને ખંખેરવાનો, તેમને તો એક કેસ આવ્યો એટલે જાણે ઘી-કેળાં, મારા અમદાવાદના પાડોશી મિત્રનો અનુભવ તો એવો છે કે તે અન્ય પાડોશીના પાસપોર્ટના વેરીફીકેશન માટે સાક્ષી તરીકે પોલીસ સ્ટેશને ગયેલ, અને થોડીવાર પછી એજ પોલીસભાઈ તેમને ઘેર આવી ને મીઠાઈ માંગતા હતા ! આપણા ચૂંટેલા લલ્લૂ જેવા પ્રતિનિધીઓ પોતાને રાજા કહેવડાવે છે અને ગમે તે ધંધા દેખાડીને મોટી પૂંજી ભેગી કરે છે, ત્યારે યાદ આવે છે આ કહેવત 'જેનો રાજા વેપારી, તેની પ્રજા ભીખારી.'

સાંભળેલી વાત છે પણ ખરી વાત છે મારા દિકરાના મિત્રે કહેલી આ વાત તેના અનુભવની છે. તેનો મિત્ર ગુજરાતથી અહીં ભણવા આવ્યો અને માલેતુજાર હતો તેથી પ્રથમ કામ ગાડી લેવાનું કર્યું. તેને મોડા ઉઠવાની ટેવ અને દરેક બાબતમાં લાપરવાહી, અને ભણવાનું તો બહાનું હતું, કહોકે જલસા કરવા હતા. તેનો મિત્ર તો સવારે પોતાના કામે નિકળી જાય. તેણે સલાહ આપેલી કે સવારે આઠ વાગ્યા પછી ગાડી સામેની લાઇનમાં પાર્ક કરી દેવાની. આ માટે તેને વહેલા ઉઠવું પડે. મિત્રની વાત કાને ના ધરી, તો પહેલા દિવસે પોલીસની ટીકીટ મળી કંઇક સો ડોલરની, બીજે દિવસે પણ એવીજ ટીકીટ મળી અને ત્રીજે દિવસે ગાડી ટો થઇ ગઇ અને દંડ થયો એક હજાર ડોલર !! ભાઇ હિસાબ કરતા થઇ ગયા કે આતો સાલું મોંઘું પડે ! એક તો મોંઘી ગાડી લાવ્યો અને ઉપરથી આ ચાંદલાઓ થતા જાય છે. બધી આળસ ઉડી ગઈ.

**ફીટનેશ એ અહીંનો શોખ નથી પરંતુ જરૂરિયાત છેઃ**

અહીં આળસુ યુવાનોનું કામ નથી. અહીં આવ્યા બાદ મારી લાફીંગ ક્લબની કસરતો એકાદ મહિના માટે લગભગ બંધ થઇ ગયેલ, પરંતુ ન્યુજર્સીના ફોર્ટલી નામના શહેરમાં આવ્યા બાદ રહેણાંકની જગ્યા સાથે કલબ-હાઉસની સેવાઓ વણી લેવામાં આવેલ હોવાથી જીમના વર્ક-આઉટ કરી લઉં છું. અહીં કલબ-હાઉસમાં ઇન્ટરનેટ, કમ્પ્યુટર ઉપર કંઇક કામ કરીને તેની બ્લેક એન્ડ વ્હાઇટ પ્રિન્ટ લેવાની હોય તો તેની સગવડ, સ્વિમીંગ પુલ અને જીમ-કસરત કરવાના ૧૫-૨૦ મશીનો અને બાસ્કેટબોલ વિગેરે મવા માટેની જગ્યા તેમજ નાના બાળકોને રૂમમાં રમવાના રમકડા સાથેની જગ્યાનો વપરાશ આ સાત બિલ્ડીંગોના કલસ્ટરના રહેવાસીઓને ફ્રી સર્વીસ તરીકે મળે છે. ફીટનેશ માટેની સજાગતા તમને અમેરિકાના દરેક જગ્યાએ, ગામ-શહેરો તેમજ રાજ્યોમાં અને દરેક સીઝનમાં જોવા મળે. લોકો પોતાની ફીટનેશ માટે એટલા સજાગ છે કે તમને રસ્તા ઉપર દોડતા, જીમમાં કસરત કરતા કે સ્પોર્ટસ્ કહીએ તો નદી અને સમુદ્રમાં પોતાની બોટ લઈને નીકળી પડતા નજરે ચડશે. ફીટનેશ એ અહીંનો શોખ નથી પરંતુ જરૂરિયાત છે.

**અહીં ટીકી ટીકીને જોવું ઇન્સલ્ટ લેખાય !**

અહીંના કલબ હાઉસના જીમમાં સવારના છ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધી જ્યારે પણ જોઉં છું (મારી બારીમાંથી સામેજ દેખાય છે) ત્યારે તો કોઇને કોઈ વર્ક-આઉટ કરતું જ હોય છે અને આ સિક્યોર્ડ, ૩ અને ૪ માળના ૭ બિલ્ડીંગ ધરાવતા ફ્લેટ ધરાવતા ક્રેસ્ટ નામના એપાર્ટમેન્ટ્માં આશરે એકાદ હજાર લોકોતો રહેતા હશે. આ તરફ કોરીયન લોકોની વસ્તિ વધારે હોવાને કારણે જીમમાં તમને એવા ને એવા ચહેરાવાળા, ઝીણી આંખ અને પીળી ચામડી ધરાવતા ચીની કહી શકાય તેવા લોકો વધારે દેખાયા કરે તેથી ઓળખાણ તો બાજુએ રહી વાતચિત પણ માત્ર સ્માઈલ અને હાય હેલો જેટલીજ જ્યારે આંખ મળે ત્યારે થાય, અને હા અહીં ટીકી ટીકીને જોવું ઇન્સલ્ટ લેખાય તેથી દરેક જણ એકજ વ્યક્તિને બીજી વખત-ફરીને જુએ નહીં. સૌ પોતપોતાના કામમાં કે વિચારોની દુનિયામાં મશગૂલ !

**ગાડીઓનો દેશઃ**

અમેરિકામાં કહેવાય છે કે પહેલાં રેલ્વે કંપનીઓ સારૂં કમાતી હતી અને લોકોને ટ્રેઇનની મુસાફરી સસ્તી પણ પડતી. પરંતુ કાર ઇન્ડસ્ટ્રીના ઉદય સાથે, તેમના કર્તાહર્તાઓની ચાલબાજી અને અહીંના સેનેટરોની મીલી-ભગતને કારણે રેલ્વેની હાલત કફોડી થઈ ગઈ અને ભાડા વધારતા જવા પડ્યા જેની સરખામણીમાં વિકાસ દ્વારા મુસાફરી સસ્તી પડતી ગઈ અને કાર ઇન્ડસ્ટ્રીએ ખૂબજ પ્રગતી કરી અને આ દેશ બન્યો ગાડીઓનો દેશ. સાથે સાથે રસ્તાઓનું આયોજન પણ તેજ રીતે થયું. દા.ત.ન્યુજર્સીનો ટર્નપાઇક ટોલ રોડ આખા અમેરિકામાં, આપણા ગુજરાતના વિકાસના મોડલની જેમ એક મોડલ રોડ કહેવાય છે અને અહીંના અન્ય રાજ્યો મહદ્અંશે તેને અનુસરે છે. આમ તો અહીં દરેક રાજ્યને એક નીક નેઇમ પણ હોય છે દા.ત.આ ન્યુજર્સીનું બીજું નામ છે ગાર્ડન સ્ટેટ ને આ રાજ્યમાં રજીસ્ટર થયેલ દરેક ગાડીઓની નંબર પ્લેટ ઉપર પણ તે લખેલું હોય છે. અહીં તમારે રોડ ઓથોરીટી પાસેથીજ નંબર પ્લેટ મળે, એટલે બધીજ ગાડીઓ ઉપર ના કલર અને સાઇઝ તેમજ અક્ષરોની સાઇઝ એકજ જાતના જોવા મળે, પરંતુ તમારી ગાડીની નંબર આંકડામાં હોય તે જરૂરી નથી, ધારો તો તમારું નામ પણ ચાર-પાંચ અક્ષરોમાં લખાવી શકો જેમકે હમણાંજ એક ગાડી ન્યુઝમાં હતી જેના ઉપર નામ હતું.

હેલ્થ ફર્સ્ટઃ આતંકવાદીઓને લીધે એરપોર્ટ ઉપર પડતી સિક્યોરીટી ચેક જેવી અનેક તકલીફો પણ હવે ફીટનેશનું માર્કેટ બની રહી છે. ક્યારેક બે-ચાર કલાક એરપોર્ટ ઉપર કાઢવા એ ઘણા ટાઇમ કોન્સીયસ લોકો માટે માથાનો દુઃખાવો બની રહેતો હોય છે. પરંતુ તમે જો હેલ્થ કોન્સીયસ હો તો હવે એરપોર્ટ ઉપર પણ વર્ક-આઉટ માટેના સાધનો ધરાવતી જીમની સગવડ મળે છે. દા.ત. બે અઠવાડિયા પહેલા મારે એરીઝોના રાજ્યના ટકશન શહેરમાં જવાનું થયેલ, ત્યારે ન્યુયોર્કના લા-ગવાડીયા એરપોર્ટ પરથી ફ્લાઇટ લેવાની હતી, ત્યાં વર્ક-આઉટ માટેની સગવડ ૨૦ ડોલરની ફી ભરીને ત્યાંની મેરીયટ હોટલમાં કરવામાં આવેલ, અને લઈ-આવવા તેમજ મૂકી-આવવાનું ટ્રાન્સપોર્ટેશન ફ્રી. આવી સગવડો અહીંના અનેક વિમાન મથકે જોવા મળે છે તેમજ દુનિયાના અન્ય શહેરો, જેવા કે લંડન, દુબઇ, સીંગાપોર, જેવા એરપોર્ટમાં પણ મળે છે. થોડી કસરત મશીન ઉપર કરી લો એટલે ટ્રિપલ ફાયદા, સ્ટ્રેશ ગાયબ, સમયનો સદ્ઉપયોગ અને શરીર પ્રફુલ્લિત ! ●

# સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ !!

**મીતા નીતિન સોલંકી**

નમસ્કાર, વાચકમિત્રો ! આજનો આર્ટીકલ તમને અફલાતૂન રીતે નારાજી અને નકારાત્મકતાનો કોશો દૂર રાખી ઓલટાઈમ ટોનિક પૂરવાર થઈ શકે છે જો તમે ઇચ્છશો તો !

જીવનમાં બધા સુખીજ રહેવા ઇચ્છતા હોય છે. રાજી રહેવાની આ રમતમાં સ્પીડબ્રેકર આવ્યા જ કરતા હોય છે.

કેટલીક બાબતો મોટા ભાગે બધાને સતાવતી હોય છે. જેવી કે લોકો શું કહેશે ? ખરાબ લાગશે તો ? માઠુ લાગશે તો ? મારા વિશે ખરાબ ધારણા કરશે તો ? બધાથી અલગ પડી જઈશ તો ? આવા કાલ્પનિક ભય બધાને રોજેરોજ સતાવતા હોય છે.

ઘરમાં ભાઈ-બહેન, પતિ-પત્નિ, સ્વજનો, પાડોશી, મંડળો, સંસ્થા, ઓફિસ કેટલી જગ્યાએ આપણે સંકળાયેલા હોઈએ છીએ. કેટલી બધી વ્યક્તિઓનો સંપર્કમાં હોઈએ છીએ ? આ દરેક વ્યક્તિને આપણે ખુશ રાખવાના પ્રયત્ન વિના વિચારે કરતા હોઈએ છીએ, તમે દરેકને ખુશ ક્યારેય નથી રાખી શકવાના ! જરૂરી પણ નથી ! તમારું પોતાનું વ્યક્તિત્વ આ નિષ્ફળ પ્રયત્નમાં ડામાડોળ થઈ જશે ! છતાંય તમે આ બધાને રાજી રાખવાની રમતમાં હારનો સામનો કરશો !

બીક, લાલચ, મજબૂરી કોઈ અજ્ઞાત હોય તેવો ભય જેવી નકારાત્મક લાગણી આપણા મનોજગતમાં અજાણપણે ઘર કરી ગઈ હોય છે, તેના કારણે ક્યારેક સ્પષ્ટ 'ના' નથી પાડી શકતા. આને કારણે મગજમાં સ્ટ્રેસ ઊભું થાય છે. લોકો શું કહેશે ? એ વિચારનો મહારોગ સહુથી મોટો માનસિક રોગ બની રહ્યો છે.

ઘણા લોકોને થોડીવાર મળ્યા હોય ત્યારે એવું અનુભવાય છે કે તેના જીવનમાં માત્ર ખુશી જ ખુશી છે ! અવલોકન કરતા ખ્યાલ આવે છે કે તેના જીવનમાં પણ દુઃખ તો અગણિત છે પરંતુ તેને 'મેનેજ' કરતાં આવડે છે !

ખુશ રહેવાનું કામ સામાન્ય રીતે માનવામાં આવે તેટલું મુશ્કેલ નથી, જીવનના આખરી પડાવમાં અફસોસ થાય કે આપણે ઇચ્છતા હતા તેવું જીવન જીવી ન શક્યા ! જીવન સારી રીતે જીવવાની તક બીજીવાર નથી સાંપડતી 'આનંદી કાગડો' વાર્તા આ લેખનો સાર છે. અમને શાના સાલમૂબારક ? અમને તો હર હાલ મુબારક ! જેવી પંક્તિ જીવનરસ માણવા મજબૂર કરે છે !

વિષયાંતરે થાય એ પહેલાં 'કમ ટુ ધ પોઇન્ટ' શીર્ષક મુજબ આ રોગ દરેક વ્યક્તિના મસ્તિસ્ક પર પકડ જમાવી બેઠું છે. તેનાથી કોઈ બચી શકતું નથી પરંતુ દરેકને રાજી જ રાખવા માટે માટે આપણે પૃથ્વી પર નથી આવ્યા ?

આપણી સજ્જનતાનો ગેરલાભ ઉઠાવે, આપણા મૌનને નબળાઈ સમજે, કારણ વગર આપણો ટાઈમ વેસ્ટ કરે, આપણને ઉલ્લુ સમજે અને પોતાને હોંશીયાર સમજી કામ કઢાવવા માંગે, અગાઉથી જાણ કર્યા વગર કોઈના ઘેર ધામા નાખે, છાસવારે તમારી વસ્તુ માંગ્યા કરે, બીનજરૂરી હોય ત્યારે પણ લુચ્ચાઈનો ઉપયોગ કરે તેવા "ખાસ" લોકોને અલગ તારવી તેની સામે કેમ વર્તન કરવું એ જાણી લેવું જરૂરી બની ગયું છે.

સાંભળેલું વાક્ય યાદ રહી ગયું છે કે જીવનમાં ક્યાં ટકવું અને ક્યાં અટકવું એ આવડવું ખુબ જરૂરી છે. ડંખવું નહિ પણ ફુંફાડો મારવો પડે તો વાંધો નહિ !

ક્યાં 'હા' પાડવી તેના કરતા ક્યા 'ના' પાડવી એ આવડત કેળવીએ તો કોઈને નડીએ પણ નહિ અને નડવા દઈએ પણ નહિ !

જીવનમાં રાજીપાની લહેરને આવવા દેવા માટે નકારાત્મકતાને નિરાશાને હડસેલો.

ખુશ રહો અને ખુશ રહેવા દો !

---

**અવનવું**

## શું તમે જાણો છો કે ?

**ગીતા શિશીરભાઈ હેડાઉ**

૧) માણસના સરેરાશ શરીરમાં એટલું જસત હોય છે કે તેમાંથી અમેરીકન પેનીનો સીક્કો બનાવી શકાય છે !!

૨) ચીનમાં રહેતા ૩૪ વર્ષના વેગચુપીંગની જીભ વધુ પડતી લાંબી હોવાથી તે વીસ (૨૦) વર્ષથી મોઢું બંધ જ નથી કરી શક્યો !!

૩) ૧૫૬૮ થી ૧૬૪૮ સુધી ડચ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન નેધરલેન્ડની સરકારી આવકનો સૌથી મોટો સ્ત્રોત બીયર પરનો વેચાણવેરો હતો.

૪) ઇન્ડોનેશીયાના વેસ્ટ પાપુઆ પ્રાન્તમાં કુટુંબીજનોનું મરણ થાય તો પોતાની એક આંગડી કાપી નાખવાની પરંપરા હજુ પાળવામાં આવે છે !!

૫) અમેરીકાના બટર ફીલ્ડ શહેરમાં રહેતા ફીટજગ્રોબ અને સ્ટીફોન વોલ્ટેજે રોકેટમાંથી ચાલતી કાર બનાવી છે જેમાં બળતણ તરીકે સોડા અને કેન્ડી વાપરી છે !!

# કારકિર્દી માર્ગદર્શન

**આરતી રામજીભાઈ સોની, માધાપર**

ધોરણ-૧૦ પછી શું આપ કારકિર્દી અંગે વિચારી રહ્યા છો ? ધોરણ-૧૦/૧૨ પછી શું એ વિષે વિચારી રહ્યા છો ? કારકિર્દી વિષે વિચારતા પહેલા પોતાની જાતને નીચે મુજબ પ્રશ્નો પૂછો.

૧. મને ક્યા વિષયમાં રસ છે ?
૨. મને શું કામ કરવું ગમે છે ?
૩. મને ક્યા ક્ષેત્રમાં કાર્ય કરવું છે ?
૪. મારો ધ્યેય શું છે ?

આ પ્રશ્નોના જવાબ તમને સાચી કારકિર્દી પસંદ કરવા તરફ દોરી જશે.

સામાન્ય રીતે ધોરણ ૧૦ પછી જ ક્યા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી એ પ્રશ્ન દરેક વિદ્યાર્થીના મનમાં ઉદ્‌ભવતો હોય છે. ૧૫ વર્ષની વયે દરેક વિદ્યાર્થી વૈચારિક રીતે એટલો સક્ષમ હોતો નથી કે તેને ક્યા ક્ષેત્રમાં ઝંપલાવવું તે એ નક્કી કરી શકે. મોટે ભાગે મિત્ર જે ફીલ્ડમાં જાય તેની પાછળ ટોળાની જેમ જોડાઈ જતાં અને પોતાની કારકિર્દી અને તેને કારણે પોતાનું ભવિષ્ય બગાડતા અનેક વિદ્યાર્થીઓ મેં જોયા છે. તમે એમાંના એક ન બની રહો એ માટે ખાસ માર્ગદર્શન જરૂરી છે.

આ સમયે કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શકની સલાહ લેવી ઉત્તમ છે. તમારા માતા-પિતા, શિક્ષક, મિત્ર તમારી આવડત અને રુચિ વિષે જાણતા જ હોય છે. તેમની પાસેથી કારકિર્દી અંગે માર્ગદર્શન લેવું ઉત્તમ છે. ઉપરાંત, કારકિર્દી માર્ગદર્શન અંગેનાં અનેક સેમિનારો પણ યોજાય છે. કારકિર્દી પસંદગી અંગે એક ખોટો નિર્ણય લઈ આખી જીંદગી તેનો અફસોસ કરવા કરતાં આવા કોઈ તજ્જ્ઞની સલાહ લેવી વધુ હિતાવહ છે.

**ધોરણ ૧૦ પછી શું ?**

ધોરણ ૧૦ પાસ કર્યા બાદ આપની પાસે ૩ વિકલ્પો છે.

૧. આઈ.ટી.આઈ. ૨. ઇજનેરી ડીપ્લોમા ૩. ધોરણ-૧૧

**૧. આઈ.ટી.આઈ.**

ધોરણ ૧૦ બાદ જેઓ તાત્કાલિક આવક કરવા માગે છે તેઓને અદ્યતન માળખાકીય સુવિધા તેમજ મશીનરીની મદદથી યુવાધનને વ્યવસાયિક કૌશલ્યોમાં તાલીમબદ્ધ કરે છે. ત્યારબાદ રોજગાર કચેરીઓના માધ્યમ દ્વારા વિવિધ ઉદ્યોગોમાં તેઓ રોજગાર મેળવે છે. તેમાં એક સપ્તાહથી ૩ વર્ષ સુધીની મુદત ધરાવતા વિવિધ અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે. તેની ફી ખૂબ જ ઓછી હોય છે.

**૨. ઇજનેરી ડીપ્લોમાના કોર્સ**

- સિવિલ એન્જીનીયરીંગ
- મીકેનીકલ એન્જીનીયરીંગ
- ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ
- ઓટોમોબાઈલ એન્જીનીયરીંગ
- પ્લાસ્ટિક એન્જીનીયરીંગ
- કેમિકલ એન્જીનીયરીંગ
- આર્કીટેકચરલ આસીસ્ટન્ટ
- ફેબ્રિકેશન
- પ્રિન્ટીંગ
- માઈનીંગ એન્જીનીયરીંગ
- સિરામિક્સ
- ટેક્સટાઈલ એન્જીનીયરીંગ
- કમ્પ્યુટર
- પાવર ઇલેકટ્રીકલ્સ
- હોટલ મેનેજમેન્ટ
- હોમ સાયન્સ
- ટેક્સટાઈલ ડીઝાઈન

આ તમામ ડીપ્લોમાં કોર્સનો સમયગાળો ૩ થી ૪ વર્ષનો હોય છે.

**૩. ધોરણ ૧૦ બાદ નીચે મુજબના પ્રવાહોમાં ધો.૧૧ થાય છે.**

૧. વિજ્ઞાન પ્રવાહ
૨. સામાન્ય પ્રવાહ (આર્ટસ અને કોમર્સ)
૩. ગૃહ વિજ્ઞાન
૪. ઉત્તર બુનિયાદી પ્રવાહ
૫. વ્યવસાયલક્ષી પ્રવાહ

ધોરણ ૧૨ પછીના સ્નાતક અને અનુસ્નાતક ડીગ્રી કોર્સ નીચે મુજબ છે.

ધોરણ ૧૨ પાસ (આર્ટસ / કોમર્સ / સાયન્સ)

- B.Com., M.Com., MCA, MBA
- B.A., M.A., M.B.A., Ph.D.
- B.B.A., M.B.A.
- BCA, M.C.A.
- BHM, M.H.M.
- B.Sc., M.Sc., Ph.D.
- B.Ed., P.T.C., C.P.Ed.

**ધોરણ ૧૨ સાયન્સ પછી શું ?**

**Group A**

Civil Engineering

- Electronics & Communcation • Computer Science • Information Technology • Instrumentation & Control

• Bio Technology • Bio Medical • Mechanical, Chemical • Electrical architecture • Textile / Fashion design • Automobile

**Group B**

• Medical (MBBS) • Dental (BDS) • Physiotherapy (BPT) • Ayurvedic (BAMS) • Homeopathy (BHMS) • Nursing • Naturapathy • Orthoptics

**Group A/B**

• Pharmacy • B.Pharm • D.Pharm

**કોમર્સમાં કારકિર્દી**

● ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ● એક્ચુઅરી ● બેન્કર ● ઇકોનોમીસ્ટ ● ઇક્વિટી રીસર્ચ એનાલીસ્ટ ● ફોરેક્સ ડીલર ● ઇન્વેસ્ટમેન્ટ બ્રોકર ● સ્ટોક બ્રોકર ● વેન્ચર કેપીટાલીસ્ટ

**આર્ટસમાં કારકિર્દી**

● સામાજિક કાર્ય ● રોકાણ વિશ્લેશક ● જર્નાલીઝમ ● હેલ્થ એજ્યુકેશન ● ડાયટીશીયન

**કળા અને ડીઝાઈન ક્ષેત્રે કારકિર્દી**

● એનીમેશન ● આર્કીટેક્ચર ● એક્ઝીબેશન ડીઝાઈનર ● ફેશન ડીઝાઈનર ● ગ્રાફિક ડીઝાઈનર ● ઇન્ટીરીયર ડીઝાઈન ● જ્વેલરી ડીઝાઈનર ● ફોટોગ્રાફી ● ફાઈન આર્ટ/પેઈન્ટીંગ સ્કલ્પચર/કમર્શીયલ આર્ટ.

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી**

પરીક્ષાઓનું આયોજન/નિમણુક કાર્યવાહી કરતી સંસ્થાઓની યાદી

● યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (U.P.S.C.) ● ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન (G.P.S.C.)
● સ્ટાફ સિલેકશન કમિશન (S.S.C.) ● રેલ્વે રીક્રુટમેન્ટ બોર્ડ (R.R.B.) ● બેન્કિંગ સર્વિસ રીક્રુટમેન્ટ બોર્ડ
● સંરક્ષણ દળોમાં યોજાતી ભરતી પરીક્ષાઓ ● તાર, ટપાલ, ટેલીફોન ખાતા દ્વારા પરીક્ષાઓ
● જીવન વીમા નિગમમાં થતી ભરતી પરીક્ષાઓ ● ગુજરાત ગૌણ સેવા પસંદગી અને પંચાયત સેવા પસંદગી મંડળ


## જ્ઞાતિસેતુ દશાબ્દી વિશેષાંક માટે જાહેરાતના દરો

| પાનાનો પ્રકાર | આખુ પાનુ | અડધુ પાનુ | પા પાનુ |
|---|---|---|---|
| મલ્ટી કલર - કવર પેઈઝ - ૪ | ૭૦૦૦ | - | - |
| મલ્ટી કલર - કવર પેઈઝ - ૩ | ૬૦૦૦ | - | - |
| મલ્ટી કલર - કવર પેઈઝ - ૨ | ૬૦૦૦ | - | - |
| મલ્ટી કલર - અંદરનું પાનુ | ૫૦૦૦ | ૩૦૦૦ | ૧૮૦૦ |
| બ્લેક એન્ડ વ્હાઈટ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| મલ્ટી કલર - અંદરનું પાનું ૧/૮ (૯ સેમી. x ૬ સેમી.) ૬૦૦૦ (૬ અંક માટે) | | | |

| |
|---|
| એક સાથે બાર મહિનાની જાહેરાત આપનારને ૨૦ ટકા કન્સેશન |
| એક સાથે છ મહિનાની જાહેરાત આપનારને ૧૫ ટકા કન્સેશન |
| એક સાથે ત્રણ મહિનાની જાહેરાત આપનારને ૧૦ ટકા કન્સેશન |

# ગુરુ દત્તાત્રયનું મંદિર : કાળો ડુંગર

પી.જી.સોની 'દાસ' ભુજ-કચ્છ

કારા ડુંગર કચ્છ જા, મથે ધોરા ધણ ચરેં,
સિજ ઉલે સામા અચેં, ડિસી પાંજા નેણ ઠરેં...

કચ્છની ઉત્તર સરહદે ખાવડા પાસ મોટા રણ વિસ્તારમાં ૧૪૬૦ ફૂટ ઉંચા અને ૯૫૬ હેક્ટર વિસ્તારમાં પથરાઈને પડેલા કચ્છની ઓળખ સમા સુવિખ્યાત કાળા ડુંગર ઉર્ફ્ર પચ્છમાઈ પીર તરીકે જાણીતા ગુરુ દત્તાત્રયનું જાણીતું યાત્રાધામ આવેલું છે. સમગ્ર કચ્છવાસીઓની શ્રધ્ધાનું તીર્થધામ છે. આ સ્થાનની સ્થાપના પાછળ એવી દંતકથા છે કે, ગુરુઓના ગુરુ દત્તાત્રય સિંધના પ્રસિદ્ધ હિંગલાજ માતાજીની યાત્રાએ જતા હતા. તે દરમ્યાન કચ્છના રણમાં પ્રવેશતા અગાઉ આ સ્થાને કર્યો હતો. ત્યારથી આ સ્થાન શ્રધ્ધા ભક્તિનું કેન્દ્ર બન્યં છે. સ્થાનિક પ્રજા તેને પચ્છમાઈ પીર તરીકે ઓળખે છે અને ભક્તિભાવથી માથું ટેકવે છે.

અહીં શિયાળને સવાર-સાંજ આરતી પછી પ્રસાદ ધરાવવાની અનોખી પ્રથા છે. આ પ્રથા પાછળ એવી દંતકથા છે કે ગુરુ દત્તાત્રેયના અહીંના નિવાસ દરમ્યાન ભૂખ્યા શિયાળોને આપવા માટે તેમની પાસે કશું જ ન હતું ત્યારે તેમણ પોતાના શરીરનું એક અંગ કાપીને આપી દીધું હતું. ત્યારથી આ શિયાળને લે અંગ...લે અંગ..એવો સાદ કરીને સવાર-સાંજની આરતી પછી બોલાવવામાં આવે છે અને આરતીમાં ધરાવાતો પ્રસાદનો થાળ તેમન પણ ધરાવવામાં આવે છે. દરરોજ મોટી સંખ્યામાં શિયાળો તે પ્રેમથી આરોગે છે.

ભુજ થી ૯૦ કિ.મી.અંતરે આવેલા આ સ્થાનકે મોટી સંખ્યામાં લોકો દૂર-દૂરથી આવે છે. અહીં રહેવા તથા ભોજનની સુંદર સુવિધા સ્થાનિક દત્ત વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવે છે. સુંદર અતિથિગૃહ઼ અને ભોજનશાળા કાર્યાન્વિત છે. અહીં વર્ષમાં બે વખત દત્ત જયંતિ ઉત્સવ (માગસર પૂનમ) તથા ભાદરવા માસમાં મેળાનું આયોજન પણ કરવામાં આવે છે. કુદરતી સૌંદર્યથી સભર એવા આ કાળા ડુંગર ઉપરથી હવે વિશ્વ પ્રસિદ્ધ બનેલા કચ્છના સફેદ રણના વિહંગ દૃશ્યનું દર્શન તેમ સૂર્યોદય અને સૂર્યાસ્તનો અદ્દભૂત નજારો આ સ્થાનની રમણીયતામાં ઓર વધારો કરે છે. આ સ્થાન વિશે વધુ માહિતી વેબસાઈટ www.kaladungar.com ઉપરથી મેળવી શકાશે.

## અમેરિકન વિશ્વવિદ્યાલયમાં ભગવદ્ ગીતા

અમેરિકન વિશ્વવિદ્યાલયમાં ભગવદ્ ગીતાનું અધ્યયન અને સંશોધન આગળ વધે કે ન વધે, અમેરિકાની ન્યૂજર્સીના એક વિશ્વવિદ્યાલય - નામે 'સેટન હૉલ યુનિવર્સિટી'માં ગીતાનું અધ્યયન ફરજીયાત છે. આ રોમન કેથોલિક સંસ્થા છે. આમા એક પણ હિંદુ શિક્ષક નથી. સ્ટિફેન ઇ માઇકલ નામના વિદ્વાને વિદ્યાર્થીઓ માટે ગીતાનો અનુવાદ કર્યો છે.

અગાઉ અમેરિકન સાહિત્યકારો ઇમર્સન, થોરો, ટી.એસ.ઇલિયટ વગેરેએ ગીતાને જ્ઞાન અને આચરણની અમુલ્ય નિધિ તરીકે લેખાવી હતી. ત્યાંની લાઈબ્રેરીઓમાં તેની નકલો સાચવી હતી.

સ્વામી વિવેકાનંદની એ ભવિષ્યવાણી સાચી ઠરે છે. તેઓએ ૧૨૦ વર્ષ પહેલાં જ કહી દીધું હતું કે ભૌતિકવાદી અમેરિકા આગળ જતાં અધ્યાત્મ માર્ગે અગ્રેસર થશે.

એ તો ખરૂં પણ ભારતનું શું થશે ?

ખરી રીતે આ વિશ્વવિદ્યાલયની પ્રબંધ સમિતિ એક એવા પાઠ્યક્રમની શોધમાં હતી જે માનવ જીવન પર હકારાત્મક પ્રભાવ પાડે. વિદ્યાર્થીઓ જીવનના મુંઝવતા છતાં સ્થાયી એવા પ્રશ્નોનું સમાધાન મેળવી શકે. તેઓને એક વાત સમજાઈ ગઈ કે આવા અનેક પ્રશ્નોનો ઉકેલ ભગવદ્દગીતામાં જ મળી શકે. એટલે જ તેઓએ વિષયનું નામ રાખ્યું "The Journey of Transformation".

## મુક્તકો

સરસ્વતી સોલંકી

મંદિર મંદિર શું કરો
ક્યાં એમાં ભગવાન
ખોલો દિલના દ્વારને
મળશે ત્યાં ભગવાન

વાણીનો વૈભવ ઘણો
વાણી રસની ખાણ
વાણીથી વશ થાય સૌ
એવું કહે સુજાણ

કામીને કપટી તણો
જગમાં વ્યાપ અપાર
સંતન્ શોધ્યો ના જડે
એ છે આ સંસાર

ઊડું ઊડું શુ કરે
જઈને ડુબકી માર
અંતરના ઊંડાણમાં
મળશે મોતી ચાર

ચાકરને કડવાં કહી
કહોના કોઈ વેણ
પાંપણમાં અશ્રુની
ધારા ઝરશે નેણ

# નાભિ વિજ્ઞાન

**દિલીપ ધોળકિયા**

નવી પેઢી માટે નવું છતાં આપણું જૂનું વિજ્ઞાન

હાલની પેઢીને તો આના વિશે કદાચ કાંઈપણ ખબર નહિ હોય પણ આ ફક્ત આપણું અને આપણી સંસ્કૃતિનું જ વિજ્ઞાન છે.

આપણા વડવાઓ આનાથી ખૂબ પરિચિત હતાં અને આપણે પણ આ વિ જાણવું જ જોઈએ.

મારા જીવનમાં મેં અનુભવેલો એક કિસ્સો આ તબક્કે જણાવવો ખૂબ જરૂરી લાગે છે.

લગભગ સાત વર્ષ પહેલાની આ વાત છે. એક યુવાન લગભગ ૨૮ વર્ષનો હશે. તેને પેટની તકલીફ પાંચ વર્ષથી હતી. અલગ-અલગ પેટના ડૉક્ટરોની દવા કરાવતો હતો. પણ કંઈ ફર્ક પડતો નહિ. એકવાર મને મારી યોગની શિબિરમાં મળેલ. તેના જણાવ્યા મુજબ તે પેટના દુઃખાવાની તકલીફથી પીડાતો હતો. ઘણી દવા કરાવી અને દવા ચાલુ જ હતી પણ કોઈ ઈલાજ સફળ થતો નહોતો. મને બધી વાત કરી એટલે આદત મુજબ મેં તેને સામે બેસાડ્યો અન પગના અંગુઠા ચેક કર્યા. તો જમણા પગનો અંગુઠો ડાબા પગના અંગુઠા કરતા લગભગ અડધા ઇંચ જેટલો મોટો હતો. ફક્ત ત્રણ મિનિટની સારવારમાં તેની નાભિ, ઠીક કરી દીધી. નાભિ કેન્દ્રમાં લાવી દીધી કે તુરંત જ તેનો દુઃખાવો ગાયબ પછીની થોડી જે કાળજી રાખવાની હતી તે પણ મેં બતાવી દીધી. ફરી તેને ક્યારેય તકલીફ નથી થઈ.

વિચાર કરો કે પાંચ વર્ષમાં તેને કેટલી પીડા સહન કરી હશે અને કેટલા રૂપિયાનું પાણી કર્યું હશે. જો તેને આ નાભિકેન્દ્રના વિજ્ઞાનની ખબર હોત તો તે વ્યક્તિ આટલો દુઃખી ન થયો હોત. આટલા બધા પૈસા પણ ન બગાડ્યા હોત. તેથી મને પણ એવું લાગ્યું કે આની જાણ જે ન જાણતા હોય તેને થાય તો ખૂબ સારું.

'નાભી ખસી ગઈ છે' કે પછી 'આની પેચોટી ખસી ગઈ છે' તેવું પહેલાના દાદા-દાદીઓ બોલતા હતા. હવે જો 'નાભિ ખસી ગઈ હોય' તો અલગ અલગ પ્રકારના ઘણા બધા રોગો થતા હોય છે. હવે કારણ હોય કે નાભિ અને ઈલાજ થાય છે બીજા અંગોનો. રોગ મટે જ નહિ. કેવી રીતે મટે ? અને જો નાભિ ઠેકાણે બેસાડી દો. તો રોગ ગાયબ. જાણે 'ચમત્કાર'.

આધુનિક વિજ્ઞાન, ડૉક્ટરો, આના વિશે લગભગ કશું જ જાણતા હોતા નથી. તે તો અલગ અલગ લેબોરેટરી ટેસ્ટ અને અલગ અલગ દવાઓનું ચક્કર ચલાવશે. જો કે ડૉક્ટરોનો પણ કોઈ દેખીતો વાંક નથી. કારણ કે તે પોતે તો જાણતા જ નથી અને આ વિજ્ઞાન તેમના ભણવામાં પણ ક્યાંય આવતું નથી. તેથી તે કરે તો શું કરે અને આધુનિક વિજ્ઞાનમાં આનો કોઈ ઇલાજ પણ નથી જ.

નાભિ એટલે ડૂંટી. આર્યુવેદ પણ નાભિના વિજ્ઞાનને માને જ છે. યોગશાસ્ત્રમાં પણ ઉલ્લેખ છે. આજે પણ ગામડાઓમાં આ વાતથી લોકો પરિચિત છે જ. ઝાડા (ડાયેરીયા) થઈ જાય કે પેટમાં દુઃખે તો વડિલો તુરંત પહેલા નાભિ ચેક કરતા અને ઠીક કરતા. આ વાત આજે તો શહેરોમાં ભૂલાઈ જ ગઈ છે. નાની એવી તકલીફ થઈ કે દોડે ડૉક્ટરો પાસે. માં ના પેટમાં રહેલું બાળક પોષણ નાભિ દ્વારા જ મેળવે છે તો નાભિનું કેટલું મહત્ત્વ હશે ? આયુર્વેદ કહે છે પેટ બગડ્યું તો ઘણા બધા રોગો થવાના જ. પેટની અંદર ઘણા જ મહત્ત્વના અંગો આવેલા છે. લિવર, જઠર, પિતાશય, સ્વાદુપિંડ, નાનુ આંતરડું, મોટું આંતરડું, કિડની, મુત્રાશય, સ્ત્રીઓમાં ગર્ભાશિય આ બધા અવયવો ખૂબ જ મહત્ત્વના છે. તેના કામમાં કોઈ અવરોધ, ખરાબી થાય તો શરીરમાં સરળતાથી ચાલતા અનેક તંત્રો ઉપર ખરાબ અસર થવાની જ. સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ)ની કામગીરી બગડે પછી જ ડાયાબિટીસ થાય. જો નાભિ ખસેલી હોય તો શરીરના કોઈ પણ અંગને નુકશાન થઈ શકે છે. અને જ્યાં સુધી નાભિ ઠીક ન કરો ત્યાં સુધી બીજા ઉપાયો કારગત નીવડતા નથી.

નાભિ તેના સ્થાનેથી ખસીને જે તરફ જાય તે તરફના અંગો ઉપર દબાણ લાવે અને તેનું સ્થાન જે હશે તે ખાલી પડશે. તેથી તે તરફના અંગો ખેંચાશે. ટૂંકમાં બધા જ પેટની અંદરના અવયવો પર તેની ખરાબ અસર થવાની જ થવાની. શરીરના દરેકે દરેક અવયવો એક બીજા સાથે જોડાયેલા છેજ. તેથી એક અવયવ ઉપર ખરાબ અસર પડવાથી બીજા અંગો ઉપર તેની ખરાબ અસર પડવાની જ છે.

રોગ જ્યાંથી ઉત્પન્ન થાય ત્યાંથી જ તેને ઠીક કરવામાં આવે તો જ સાચું નિવારણ થાય. યોગશાસ્ત્ર મુજબ શરીરમાં સાત ચક્રો આવેલા છે. તેમાંનું એક મણિપુર ચક્ર નાભિમાં આવેલું છે. મણિપુરચક્ર ઊર્જાનું મુખ્ય કેન્દ્ર છે. મણિપુરચક્ર નાભિમાં આવેલું છે. તે ખસે તો શું હાલ થાય વિચારો ? આખા શરીરનું ઊર્જાકેન્દ્ર મણિપુરચક્ર અને તેનું સ્થાન જ ખસે તો આખા શરીરની ઊર્જા બગડવાની જ.

નાભિકેન્દ્ર ખસી જવાના કારણો અનેક છે.

૧. પેટમાં વારંવાર ગેસ થવો. ૨. ચાલવાની ખોટી રીત. ૩. સૂવાની ખોટી રીત. ૪. બેસવાની ખોટી રીત. ૫.

જીવન શૈલી. ૬. ખોરાકની ટેવો. ૭. સ્કુટર અથવા બાઈક વધારે મચ ચલાવતા હોય ઉબડ-ખાબડ રસ્તા ઉપર ડ્રાઈવીંગ કરવાથી. ૮. કિક મારવાથી. ૯. ઉતાવળે ચાલતી વખતે ખોટા પગલા ભરવાથી. ૧૦. દોડતા દોડતા બસ, ટ્રેન પકડવાથી. ૧૧. ઊંચા ઢોળાવ ચડતી વખતે, ભારે વજન ઉઠાવવાથી. ૧૨. ત્રાસા (આડા) બેસીને ડ્રાઈવીંગ કરવાથી.

આ અને બીજા આવા અનેક કારણોથી નાભિ ખસી શકે છે તે જરૂરી નથી કે ઉપરના કારણોથી નાભિ ખસી જ જાય, ખસી શકે છે. ખસી જ જાય તેવું નથી.

નાભિ તેના સ્થાનેથી આઠ અલગ અલગ જગ્યાએ ખસી શકે છે.

૧. ઉપરની દિશાએ ખસી શકે. ઉપરની દિશાએ ખસે તો શું તકલીફ થાય ?

● થાઈરોઇડની તકલીફ, સર્વાઇકલ (ગળા)ના મણકાની તકલીફ, હૃદય, હાઈબ્લડપ્રેશર, શરીરમાં ચરબી વધે, શ્વસનતંત્રના રોગો, આર્થરાઈટીઝ, લિવર બગડે, હિમોગ્લોબીન ઓછું થાય, સ્વભાવ ગુસ્સાવાળો, ચીડિયો થાય.

૨. નીચે ખસી જાય તો...

● ચક્કર આવે, લો બ્લડપ્રેશર, શરીર દુઃખે, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, આંખ, કાનના રોગો, જલોદર, સ્ત્રીઓનો માસિક પિરીયડ અનિયમિત અને અનિયંત્રિત થાય તે સમયે દુઃખાવો વધે.

૩. જમણી તરફ વચ્ચેના ભાગમાં ખસે તો...

● કમર, એડી, ગોઠણમાં દુઃખાવો, ડાયાબિટીસ, ગે, એસિડીટી, હિમોગ્લોબીન ઘટે.

૪. ડાબી તરફ વચ્ચેના ભાગમાં ખસે તો...

● ડાયાબિટીસ, એસિડીટી, ગેસ, ઓડકાર, ગોઠણ, પગના તળિયા, કમર દુઃખે, કબજિયાત.

૫. જમણી તરફ ઉપરની દિશામાં ખસે તો...

● હાઈ બ્લડપ્રેશર, પેટમાં જમણી તરફ દુઃખે, ડાબા પગના ગોઠણ એડી દુઃખે, બ્રેઇન ટ્યુમર.

૬. ડાબી તરફ ઉપરની દિશામાં ખસે તો...

● મનને લગતા રોગો થાય. માનસિક રોગો, હાઈબ્લડપ્રેશર અથવા તો બ્લડપ્રેશર થાય. ફેફસામાં પાણી ભરાય, લોહીનું પરિભ્રમણ ધીમું થાય. મનમાં ડર લાગે, ખરાબ વિચારો આવે, ગરદનના અને આંખના રોગો થાય.

૭. જમણી તરફ નીચેની દિશામાં ખસે તો...

● ડાયાબિટીસ, લો બ્લડપ્રેશર, ચક્કર, લિવર, કિડનીની તકલીફ થાય, સાંધા દુઃખે, કમર, ગોઠણ દુઃખે, લકવો થાય. પેટના અલગ-અલગ રોગો થાય. સ્વભાવ ગુસ્સાવાળો ચીડિયો થાય.

૮. ડાબી તરફ નીચેની દિશામાં ખસે તો...

● ડાયાબિટીસ, ચક્કર, લિવર, કિડની ખરાબ થાય. હૃદયની તકલીફ, કમરનો દુઃખાવો, ગોઠણનો દુઃખાવો, લો બ્લડપ્રેશર.

નાભી ખસી ગયેલી હોય તે કેવી રીતે ખબર પડે.

૧. બંને પગના અંગુઠા મેળવો. જો નાભિ ખસેલી હોય તો પગના અંગુઠા નાના-મોટા થઈ ગયેલા હશે.

૨. ડુંટિ પર અંગુઠો દબાવો થડકારા અનુભવાશે. થડકારા ન અનુભવાય તો ખસી ગયેલી જાણવી.

૩. હાથની ટચલી આંગળીની ત્રણેય લાઈનો મેળવો. જો એક સીધી લાઈનમાં ન મળે તો નાભિ ખસેલી જાણવી.

૪. ડુંટિથી છાતીની ડિંટડી માપો. ખસેલી હશે તો માપ લાંબુ ટૂંકું થશે.

હવે તેને તેના સ્થાને લાવવા માટેના ઉપાયો.

બધા જ પ્રયોગો સવારે ખાલી પેટે કરવા.

૧. બંને પગના અંગુઠાને ખેંચવા.

૨. ડૂંટિ ઉપર દબાણ આપી, આજુબાજુ યોગ્ય દબાણ આપી ઠેકાણે લાવી શકાય.

૩. અર્ધ હલાસન આ પુસ્તકમાં આગળ આસનોના વિભાગમાં આપેલું છે. તે ત્રણથી પાંચ વાર કરો.

૪. શ્વાસ બહાર કાઢીને પેટને ખૂબ ફૂલાવો. જ્યાં ુધી શ્વાસને બહાર રાખી શકો ત્યાં સુધી બહાર જ રોકેલો રાખી પેટને ખૂબ ફુલાવવું. આ પ્રયોગ આઠથી દસવાર કરવો.

૫. ડાબા હાથની કોણીના સાંધા ઉપર જમણા હાથની હથેળીને મૂકી જર્ક લગાડી, ડાબા હાથના અંગુઠાને ડાબા ખભાને અડાડવો. ચાર-પાંચ વાર કરો. તે જ પ્રમાણે બીજા હાથથી પણ કરો.

બીજા પણ અનેક પ્રયોગો છે નાભિ ઠીક કરવાના. વિશેષ સલાહની જરૂર હોય તો લેખકનો સંપર્ક કરવો.

**ભુલ સુધાર**

મહામંડળની સામાન્ય સભાનો અહેવાલ જે ગત અંકમાં પ્રકાશિત થયેલ, તેમાં નીચે મુજબ ભુલ સુધારી લેવા વિનંતી.

“શ્રી અશ્વિનભાઈ ગોરધનદાસ સાકરિયા, ગઢશીશા દ્વારા રૂ.૫૦૦૦/- ત્થા શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાકરિયા, રવાપર દ્વારા રૂ.૫૦૦/-નું ફંડ નખત્રાણા મુકામે મળેલ મહામંડળની સામાન્ય-સભામાં આપવામાં આવેલ છે.”

એકતા કટ્ટા

# માતૃપ્રેમ

**સોની પ્રીન્સી "મીરાં"**

ઘરે ઉભેલી ગાય સામે તીરછી નજરે જોતાં બાપાને મારી નવાઈનો અંદાજ આવી ગયો હોય તેમ જાતે જ બાલ્યો કે, કાવ્યાના જનમને દિવસે જ ગાયે વાછરડાને જનમ આપ્યો. આ જાણી મારા આનંદમાં બમણો વધારો થયો. હું તો રાજીનો રેડ થઈ ગયો.

આમ તો હું ઘરકામમાં કે સ્ત્રીઓના કામમાં રસ દાખવતો ન હતો. એના લીધે જ કદાચ મારી છાપ એક સુંદર, સુશીલ, સંસ્કારી અને સમજુ છોકરા તરીકેની હતી. પણ વાછરડા પ્રત્યે મને ગજબનું આકર્ષણ હતું. એને વહાલ કરવાનો, એની સાથે રમવાનો કે એના માટે કંઈક કરવાનો એક પણ મોકો હું જવા દેતો નહિ.

તેથી સમય મળે કે, તરત એક હાથમાં પાટલો અને બીજા હાથમાં ચોપડી લઈ એની પાસે પહોંચી જતો. એક શિક્ષકની જેમ હું એની સાથે વર્તન કરતો. અને કોણ જાણે કેમ, એ પણ જાણે મારી ગુલામી કરવા પ્યાસો હોય એમ કોઈ પણ હિલચાલ વગર મારી સામે બેસી રહેતો. અમારા શિક્ષકની અદામાં જ હું વર્તતો, એને વઢતો, અરે ! ક્યારેક ટાપલી પણ મારી દીધેલી. એ મને કૌતુક ભાવે જોયા કરતો. મને ખબર પડતી કે એને સમજ પડતી નથી, છતાં પણ આવા ચેળાઓથી મારી સાથે એ પણ કદાચ ખુશ થતો હતો. આ ભાવોને હું હજી પણ મારા માનસ પટ પર અંકિત કરૂં તો અત્યારે પણ એજ ખૂશીની લ્હેર મારા હૃદય પર ફરી વળે છે.

એની આદત અને આચાર ઉપરથી એ મને મારા જેવો જ ચોખલો લાગતો. કદી એના મોં પરથી લાળ પડતાં કે એઠમાં મોં નાખતાં મેં એને નહોતો જોયો. ગાય-વાછરડાની અને એ બંનેની રહેવાની જગ્યાની સ્વચ્છતા મારી ''બા''ને આભારી છે. બા એમને સારી પેઠે નવરાવી, જગ્યા સ્વચ્છ કરી હાથ બરાબર ધોઈને જ દુધ દોહવા બેસતા.

બા ગાયને નિરણ આપી, વાછરડાને છુટા મૂકી દેતા.. વાછરડો એની મમ્મીને, એટલે કે, ગાયને ધાવે, બા આડુ-અવળું કામ પતાવી થોડી વારમાં એ વાછરડાને છુટો કરી બાંધી મૂકે. મને આ ન ગમે !?! કોઈ મને મારી મમ્મીથી અલગ કરે તો મારું તો લોહી ઉકળી જાય. પણ બાની આગળ બાપાનું ન ચાલે, તો મારી શું મજાલ કે હું મારી બા ને ના પાડું !??

પણ વાછરડો તો મારો પરમ મિત્ર. મારા ટાઈમપાસનો એકનો એક આશરો. એટલે એક દિવસ હિંમતપૂર્વક બુલંદ અવાજ સાથે મેં બાને કહી જ દીધું કે, "વાછરડાને જોઈએ એટલુ ધાવવા દેવું. એને બાંધી મૂકવો નહિ." સાલ્લું ! હું એથી વધારે એક શબ્દ મોંમાંથી બહાર કાઢી ન શક્યો.

બા અત્યાર સુધીમાં એક પણ વખત પોતાનો નિત્યક્રમ ચુક્યા ન હતા. આમ તો તે વધુ કડક સ્વભાવના કહી શકાય તેવા ન હતા. પરંતુ તેમને બધું નિયમાનુસાર અને ક્રમબધ્ધ જોઈતું. તેના માટે કઠોરતા દર્શાવી પડે, તો તેઓ અચકાતા નહિ.

તેનાથી વિપરીત, બાપા વધુ લાગણીશીલ માણસ હતા. જતું કરવું તેમના સ્વભાવમાં કુદરતી રીતે વણાયેલું હતું. મમ્મી કહેતી કે, મારામાં બા અને બાપા બંન્નેના સ્વભાવનું મિશ્રણ છે. હું બાની જેમ ત્વરીત અને સચોટ નિર્ણય લેવામાં માનું છું અને બાપાની જેમ મારા નિર્ણયો કાયમ લાગણીસભર જ રહ્યા હોય છે.

મારી નાની બહેન કાવ્યા અને મારી વચ્ચે લગભગ છએક વર્ષનું અંતર હતું. એના જન્મ વખતે મને મામાને ઘેર મોકલી દેવાયો હતો. પણ હું પાછો આવ્યો, ત્યારે મેં જોયું કે, મારી મમ્મી કાવ્યાનું ધ્યાન વધુ રાખતી. મારા તરફનું આકર્ષણ પહેલા કરતાં ઓછું થયેલું, પણ એ વાતનું મને જરાય નહોતું લાગી આવ્યું. ઉલ્ટાનું મને મોટો હોવાનો કે મોટો ભાઈ બનવાનો પારાવાર ગર્વ થતો હતો.

કાવ્યાના જન્મ પછી ઘણો બદલાવ આવ્યો હતો. ઘણું-બધુ નવું છતાં આશ્ચર્યજનક ન હતું. પણ મમ્મી જ્યારે કાવ્યાને પંપાળતી, એની દેખભાળ કરતી ત્યારે મને બધુ અજુકતું લાગતું. કદાચ ! મને એ અર્થ સમજાવા લાગ્યો હતો કે, મમ્મીને ''મમ્મી'' શા માટે કહે છે.

કાવ્યાને સમયસર નવડાવવું, તેને દુધ પીવડાવવું, જરા સરખી ઉકાટ કરે કે રડે તો મમ્મીનું શ્વાસ અધર થઈ જવું, વગેરે અનેક પ્રવૃત્તિઓ જોઈને મને ''માતા'' નો હુંફાળો અર્થ સ્પષ્ટ થતો હતો. ભગવાને દુનિયાની દરેક માતાને ''માતા'' તરીકેનો કેવો અદ્દભૂત હોદ્દો આપી દીધો છે ને !!

આમ તો કાવ્યાના આવવાથી મમ્મી સીવાય કોઈના નિત્યક્રમમાં કે ઘરના વ્યવસ્થાતંત્રમાં કંઈ ખાસ ફેરફાર જોવા ન મળ્યો. અમારો ક્રમ એની પોતાની ગતિમાં જેમ હતો એમજ ચાલતો રહ્યો. અમે જાતના ખેડુત. એટલે સ્વાભાવિક રીતે વાડી કે ખેતર હોય, અને એમાં આઠ-દસ ઢોર પણ હોય જ.

અમારે પણ ચાર ભેંસો અને નવેક ગાયોને લીધે દુધ-દહીંના તો ભંડાર હતા.

હું મામાના ઘરેથી પાછો આવ્યો ત્યારે અમારા ઘરના મસ મોટા આંગણામાં એક બાજુએ ગાય અને તેની સાથે નાનું વાછરડું ઉભેલા. સામાન્ય રીતે તો અમારા ઢોર વાળીએ બંધાતા. એના માટે બાપાએ ખાસ પતરાવાળું ખોડલું બનાવેલ. જ્યાં ઢોર માટે પુરતી વ્યવસ્થા હતી.

હું પ્રતિભાવ જાણવા બા અને બાપાના મોં સામે જોઈ રહ્યો. તેઓ બંને પણ બે ઘડી મારી સામું જોઈ રહ્યાં. પછી તેઓ એટલા જોરથી હસ્યા કે, મારી બધી હવા નીકળી ગઈ. હું તો જાણે પોપટ જ બની ગયો ! કંઈ પણ બોલ્યા વગર ચુપચાપ મારા કામે પાછો વળગી ગયો.

મેં નિશ્ચય કર્યો કે, કામ સિવાય ગાય-વાછરડાની નજીક જાવું નહિ કે બાના કામમાં દખલગીરી કરવી નહિ. આમ પણ હવે વધુ ઇજ્જત ના કાંકરા થાય એના કરતાં હું એને દુરથી જ નિહાળવાનું પસંદ કરતો. બા સાંજે દુધ દોહતા અને હું જોયા કરતો.

આ સમય દરમિયાન મેં એક ઘટના જોઈ. મારા માટે તે ગજબની હતી. બા ગાયને છોડી પોતાના કામો પીઠ દઈને કરતા ત્યારે ગાય તેના વાછરડાને ધવરાવી ફરી પોતાની જગ્યાએ ઉભી રહી જતી. આવુ મેં કેટલાય દિવસો સુધી નિરીક્ષણ કર્યા કર્યું. મારા મનમાં સિદ્ધ થયું કે, જાનવરમાં પણ દ્વિભાવ હોય છે. માલિકને પણ વફાદાર અને મમતાને પણ આધીન.

મેં બાને ગાયની ફરીયાદ કરી તો બાએ ગાયને વાછરડાથી દુર બાંધી મૂકી. પણ મેં જોયું તો વાછરડો કંઈ પણ બોલ્યા વગર જાણે મને ગુનેગારની દ્રષ્ટિએ વઢતો હતો. હું ઘરામાં ચાલ્યો ગયો, મારું હૃદય દ્રવિત થાય એ પહેલા મારા શિક્ષક, મારા પપ્પાની સાથે ઘરે આવ્યા. મારી છાપ તો ડાહ્યા છોકરા તરીકેની જ, પણ બે-ત્રણ દિવસથી મેં ગૃહકાર્ય નહોતું કરેલું એટલે પહેલી વખત શાળાએથી ફરીયાદ આવી.

મમ્મીને ખૂબ ગુસ્સો આવ્યો. એણે મને તમાચો મારી દીધો મને રાત્રે જમવાની સખત ના પાડી દીધી. હું ચડેલા મોંએ એક ખૂણામાં બે-અઢી કલાક બેસી રહ્યો. મને ખરેખર મમ્મીએ રાત્રે જમવા ન દીધું. જોકે એ પોતે પણ રાત્રે નહોતી જમી. પણ આખરે એ મમ્મી છે. જાય ક્યાં ! મમ્મી હાથમાં થાળી લઈ મને જમાડવા આવતી હતી. એને આવતી જોઈ હું એકાએક રડવા લાગ્યો. મને જોઈ એ પણ રડી પડી. એણે મને કેટલીય બચીઓ આપી પોતાના ખોળામાં બેસાડ્યો. અમે બંનેએ એક પણ શબ્દને ઉચ્ચાર્યો. ફક્ત એકબીજાની સામે રડતા રહ્યાં.

મને શાંત પાડી, પોતાના હાથે જમાડવા લાગી. હું પણ બિચારો, ભૂખ્યો ! ભરપેટ ભોજનનો આનંદ લેતો હતો. પણ મને કંઈક યાદ આવ્યું. મનમાં ફાળ પડી. હું સફાળો ઉભો થઈ ગયો. અને દોડતો આંગણામાં આવ્યો.

મેં જઈને વાછરડાને છોડી મૂક્યો. એ એની મા ને મૂક્ત મને ધાવતો હતો. મને સમજાઈ ગયું કે મારા ભૂખ્યા રહેવું અને મમ્મીનું મને મારવું એ ઇશ્વરીય સંકેત માત્ર હતો. ત્યારપછી કોઈને મમતાને કે વહાલને ખલેલ ન પહોંચાડવાનો મેં દ્રઢ નિશ્ચય કર્યો.

એ વાછરડો એની માને ધાવતો હતો, ને પેટ મારું ભરાતું હતું....

## "દુનિયા ન જોઈ શકનારી પુત્રીનો પત્ર"

પલક ગુજરાતી-માધાપર

એક દિકરીએ કાગળ લખ્યો. માતાના સરનામે, સરનામામાં પોસ્ટ કરૂણા મુકામે મમતા ગામે.
સવાલાખ સપનાઓ માડી મેં તો તારા ઉદરમાં જોયા, પણ મારી હત્યા પાછળ ના કોઈ હૃદયથી રોયા,
હું વલવલતી કે દિકરો ન બની શકી એ નામે, સરનામામાં પોસ્ટ કરૂણા મુકામે મમતા ગામે.
તું યે કોઈકની દિકરી છે ! છે યાદ તું યે કોઈકની થાપણ છે ?
વાંક શું મારો ?? કે તેં મને જન્મ પહેલા જાકારો દીધો ? તું તો દિકરા માટે ઝંખે છે ?
પણ કલંક તો માના નામે આવ્યો ? સરનામામાં પોસ્ટ કરૂણા મુકામે મમતા ગામે.
દિકરીની ભૃણ હત્યામાં આતો મમતાં કેરૂં મોત છે !
શું વાંક મારા પિતાનો કે તેં મને પ્રેમથી લાડ પણ ન લડાવી શક્યા ?
તારા એક કુળ કેરા વિચારે બુઝી જીવની કરૂણાજ્યોત, સરનામામાં પોસ્ટ કરૂણા મુકામે મમતા ગામે.
માં દિકરી ને કોઈ જન્મ ના દેશે તો દિકરાઓ કેમ પરણશે ?
સંસારમાં બધેય દિકરા માટે ઝંખે છે ? કે પોતાના કુળ કેરા સંસાર આગળ વધે ?
પણ માં હું તો પિયર અને સાસરીયાનાં બંને કુળને તારવા માટે જન્મ લઉં છું
બંધ ન કરી આ પાપ દિકરીની ભૃણ હત્યાનો તો માફ તો ઇશ્વર પણ ના કરશે ?
એક પિતા દિકરીનો કાગળ લઈ ફરતો ગામે ગામ,
દિકરીની ભૃણ હત્યાની પ્રથા બંધ કરો, દિકરીને જન્મ આપો.
સરનામા માં પોસ્ટ કરૂણા મુકામે મમતા ગામે. સરનામામાં પોસ્ટ કરૂણા મુકામે મમતા ગામે.

# દેવની દીધેલ

લતા સોલંકી

નામ તો એનું જશોદા પણ સહુ જશુ કહી બોલાવતા. ચાર બહેનોમાં જશોદા નાની. બધાની લાડકી ત્રણે બહેનો પરણીને ઠરીઠામ થઈ ગઈ હતી. જશોદાનું માંગુ આવ્યું. મોટા ઘરનું. મા-બાપે રાજીના રેડ થઈ માંગુ સ્વીકારી જશોદાને પરણાવી. જશોદા ખુશ હતી મોટા ખોરડાને હિસાબે ઘરમાં મહેમાનોની અવર-જવર ખૂબ રહેતી. દિવસો ક્યાં પસાર થતા ખબર ન પડતી.

જશોદાની જેઠાણી જમુનાને ચડતા દિવસો હતા. ઘરમાં બધા ખૂબ ખુશ હતા. પણ ગર્ભપરીક્ષણથી દીકરી છે જાણ્યું ને બધાના ચહેરા વિલાઈ ગયા. જમુનાને પૂછ્યા વગર હુકમ કર્યો કે આવતી કાલે અગિયાર વાગે એબોર્શન માટે જવાનું છે. જશોદાએ કહ્યું, જશોદા ભાભી તમને એબોર્શન મંજૂર નથી તો ના કહી દો, પિયર જતા રહો ગમે તેમ, તમે તમારા ગર્ભને બચાવી લો.

“પણ જમુના કશુ કરી શકે તેમ ન’તી. તે જશોદાના ખભે માથુ ઢાળી રડતી રહી. જશોદાએ પોતાના પતિને વાત કરી કે દીકરો દીકરી એક સમાન જ હોય. તમે બધાંને સમજાવો. જશોદાના પતિએ રોકડું પરખાવ્યું” તારે મોટાના, વડીલોના કામમાં દખલ નહીં કરવાની. જે કરે તે ચુપચાપ જોવાનું અને સ્વીકારી લેવાનું. સાથે કરડાકીથી કહ્યું બહાર કોઈને પણ આ વાત કરતી નહી નહીંતર ગંભીર પરિણામ માટે તૈયાર રહેજે. જમુનાને બીજી વાર પણ દીકરી ગર્ભમાં રહી તો બીજી વાર પણ પુનરાવર્તન થયું. એબોર્શન કરાવ્યું.

જશોદાને જમુના સમસમીને બેસી રહ્યા. હવે જમુના અને જશોદા બન્નેને ચડતા દિવસો હતા. જશોદાએ ગર્ભ પરીક્ષણનો ઇંકાર કર્યો પણ ધાક ધમકીથી ગર્ભ પરીક્ષણ કરાવવું પડ્યું. જશોદાને જમુના બન્ને દીકરીની માતા બનવાની હતી. જશોદા અને જમુનાને ખૂબ કાકલુદી કરી હાથ પગ જોડ્યા. બધાને સમજાવવાના પ્રયત્નો કર્યા પણ બધું વ્યર્થ. કુટુંબીઓના કુળદીપક દીકરાની વાતને વળગી રહ્યા.

ત્રણ દિવસ પછી દવાખાને જવાનું હતું. દેરાણી જેઠાણી સુનમુન બની. કામ કરતી હતી. એક બીજાને પેટ પર હાથ ફેરવતા જોઈ રહી હતી. બીજા દિવસે સવારે ભીખારણે બૂમ પાડી. “બેન...એ બેન કંઈ આપો ને...એ મોટા બંગલાવાળા બેન કંઈ આપોને કંઈક ખાવાનું આપોને.”

જશોદાની સાસુએ  જશોદાને કહ્યું જા શાક રોટલી એને આપી આવ. જશોદાએ ભીખારણને શાક રોટલી આપ્યા. ભીખારણ સાથે એક ત્રણ વરસની અને એક એકાદ મહીનાની છોકરીઓ હતી. ખાવાનું આપી જશોદા પાછી ફરતી’’તી.

ભીખારણે કહ્યું ‘બેન, એકાદ ફાટેલી ચાદર કે સાડી જેવું કંઈક આપોને. મારી નાનકીને તાવ છે. કંઈક ઓઢાડી શકું.’

જશોદાએ કહ્યું, કાલે આવજે. ભીખારણે કહ્યું, બેન આજે આપો તો સારું. નાનકીને ઓઢાડીશ, ભગવાન તમારા બાળકોને સુખી કરશે.

ભીખારણે કહ્યું, “બેન તમે તો મોટા ઘરવાળા ભણેલા ગણેલા. તમારે ઘેર તો ચાર ચાર દીકરીઓ હોય તોય વાંધો ન આવે. જશોદાએ પેટ પર હાથ ફેરવ્યો. અંદર જઈ સાડી અને ચાદર લઈ આવી.

ભીખારણે કહ્યું “તમારું ભલું થાઓ. જશાદાએ પૂછ્યું,” છોકરીનો બાપ શું કરે છે ? “ભીખારણે કહ્યું મજૂરી કરે છે. પણ હું તો આજે એને છોડીને ચાલી નીકળી છું. જશોદાએ આંખોથી પૂછ્યું શાને-શા કારણથી. બેન, તમને શું કહું ? એને દીકરો જો’તો તો, પણ મેં છોરી જણી એટલે મને મારકૂટ કરતો. હું મારકૂટ સહન કરીને પણ એની સાથે જ રહેત પણ બહેન આજે તો એણે મારી નાનકીને ગળું દબાવીને મારી નાખવા પ્રયત્ન કર્યો મેં પણ એને પાસે પડેલી લાકડીથી ઠમઠોર્યો. એ બેભાન થઈ ગયો અને હું મારી બન્ને દીકરીઓને લઈ ઘર તજી ચાલી નીકળી છું. ગમે ત્યાં મજૂરી કરીશ પણ દીકરીઓ મારી દેવની દીધેલ છે તેને ઊની આંચ પણ નહીં આવવા દઉં.’’ કહી ભીખારણ તારો ખોળો અખંડ રહેના આશીર્વાદ આપતી ચાલી ગઈ.

જશોદાનું માતૃ હ્રદય બંડ પોકારી ઊઠ્યું. દેવની દીધેલ દીકરીની રક્ષાની જવાબદારી મારી જ હોય. સંબંધોમાં તોફાન એને ડગમગાવી ન શકે એ ઘરમાં ગઈ. મમ્મીજી આ સાડીમાં ફોલ બીડીંગ કરાવી આવું કહી એ બહાર ગઈ.

સાંજે પોલીસ મોટા ઘરવાળાના બંગલામાં પ્રવેશી. પૂછ્યું, જશોદા કોણ છે ? એના પતિ, સાસુ, સસરા, જેઠ ક્યાં છે. ઘરના બધા સદસ્યો હોલમાં આવી પહોંચ્યા. અને પતિ સાસુ સસરા જેઠના નામનું વોરંટ બતાવ્યું. તેઓએ પૂછ્યું અમારો વાંક ગુનો શું ?. કોણ બોલાવી લાવ્યું ? શા માટે ?

જશાદાએ કહ્યું હું બોલાવી લાવી છું. પેટ પર હાથ ફેરવીને બોલી, “મારી દેવની દીધેલ માટે...” જમુનાએ જશોદાને પડખે આવીને એનો હાથ ઝાલી લીધો.

સંપાદક - લતા સોલંકી-ભુજ

## છમ છૂ પેલો પુડલો

બીંદુમતીએ દીકરીઓને વહેલી ઉઠાડી તૈયાર કરી નાનીને ઘેર જવાનું છે કહ્યું. મામાને ઘેર જવાની વાત સાંભળી છોકરીઓ ખુશીથી ઉછળી પડી. જલ્દી ચાલો, બાપા જલ્દી ચાલો, નહીંતર સાંજ પડી જશે.

દયાશંકર દીકરીઓ સાથે રવાના થયા. સાતે બહેનો ગીત ગાતી વાતો કરતી ઝડપથી ચાલવા લાગી. રસ્તામાં એક ઝાડ નીચે આરામ કરવા બેઠા. એ આંબાનું ઝાડ હતું. થોડા આંબા નીચે પડ્યા હતા અને થોડા દયાશંકરે ઉતાર્યા. બધાએ આંબા ખાઈ ચાલવા માંડ્યું. દયાશંકરે દીકરીઓને અલક મલકની વાતો સંભળાવી.

થોડે દૂર પહોંચ્યા ત્યારે ચંદુને પાણીની તરસ લાગી. થોડી વાર તો તે ચાલતી રહી પણ હવે તે ચાલી શકે તેમ પણ ન'તી. ચંદુએ બાપાને તરસની વાત કરી. દયાશંકર કહે તમે બેસો, હું આજુબાજુ ક્યાંક પાણી હોય તો લઈ આવું. તમે ક્યાંય આડાઅવળા જતા નહીં.

દયાશંકરને આવતા વાર લાગી એટલે સાતે બહેનોએ પાણી શોધવાનું નક્કી કર્યું. અને ચંદુએ કહ્યું તું કાણી છો મારા સાથે તને નહીં લઈ જઈએ. તું એકલી બીજી દિશામાં જા. ચંદુ ઘણું કરગરી. હું એકલી કેમ જાઉં ! મને બીક લાગે છે. તમારી સાથે લઈ જાઓ. પણ બીજી બહેનો ટસથીમસ ન થઈ. છેવટે ચંદુ રળતી રળતી ભગવાનનું નામ લઈ ચાલવા માંડી.

ચંદુએ થોડોક રસ્તો જ કાપ્યો હશે ને એણે મોટા સાત તપેલા જોયા જેમાં દૂધ દહીં ને પાણી હતું. ચંદુ ભલીભોળી પરગજુ હતી. તે દોડીને તેની બહેનોને બોલાવી લાવી. બાયું બેનડીયું દૂધ દહીંના તપેલા ભર્યા છે. ચાલો બધા આપણે દૂધ પીએ.. દહીં ખાઈએ..સ્વાર્થી બહેનો દોડતી આવી ને એક એક તપેલું લઈ લીધું. અને જે પાણીનો તપેલો હતો તે કાણીને આપી કહ્યું તું તો કાણી છો પાણી પી લે. કાણીએ થોડું દૂધ થોડું દહીં માગ્યું પણ બહેનોએ કંઈ પણ ન આપ્યું. ચંદુએ પાણી પી લીધું અને વિનંતી કરી કે હવે મને તમારી સાથે લઈ ચાલો. પણ સ્વાર્થી બહેનોએ ચંદુને બીજી દિશામાં એકલી મોકલી દીધી. ચંદુ દુઃખી મને ચાલવા માંડી. આગળ રસ્તામાં તેને છ જોડી જરી ભરેલી મોજડી અને એક જોડ સાદી ચંપલ મળે છે. એને તરત જ બહેનો યાદ આવી. મારી બહેનના પગમાં કાંટા વાગતા હશે. પગ બળતા હશે તેણે બૂમ પાડી બહેનોને બોલાવી. મારી બાયું, બેનડીયું, આવો, જલ્દી આવો. લાલચુ બહેનો દોડતી આવી જરીની મોજડી જોઈ ખુશ થઇ. એક એક જોડ મોજડી પહેરી ચંદુને સાદી ચંપલ આપી. ચંદુ ફરી બહેનો સાથે જવા કાકલુદી કરવા લાગી. પણ બહેનોએ ત્રીજી દિશામાં ચંદુને રવાના કરી. ચંદુ કમને ચાલવા લાગી.

આગળ જતાં ચંદુને પેટી મળી પેટી ખોલી ચંદુએ જોયું તો તેમાં રાજકુંવરી પહેરે તેવા સુંદર અને કીમતી હીરા મોતી જડેલા કપડાં હતાં. ચંદુની આંખો અપલક તેને જોતી રહી. ચંદુએ ફરી બહેનોને બોલાવી સુંદર કપડાં બતાવ્યાં.

છએ બહેનોએ કીંમતી વસ્ત્રો પહેરી ચંદુને સાદા વસ્ત્ર પહેરવા આપ્યા. અને ચંદુને ચોથી દિશામાં એકલી જ રવાની કરી. ચંદુ પોતાના નસીબને દોષ દેતી ચોથી દિશામાં ચાલવા લાગી. આગળ જતાં ચંદુને છ મોટા ઘર અને એક ભૂંગો (ઝૂંપડી) દેખાણા. બધા ઘરના દરવાજા એમજ વાસેલા હતા. તાળું એક પણ દરવાજે ન'તું. ચંદુને થયું બાપા પાછા આવે ત્યાં સુધી કોઈ એક ઘરમાં અમે બધી બહેનો આરામ કરી બાપા સાથે મામાને ઘેર જશું. ઘરમાં જંગલી પ્રાણી અને તાપ ટાઢથી રક્ષણ મળશે...

દોડતી જઈ ફરી એણે બહેનોને બોલાવી. છએ બહેનો દોડતી આવી અને સુંદર ઘર અને આસપાસના બગીચાને જોતાં જ બોલી આ છ ઘર છે. દરેક ઘરમાં એક એક બહેન રહેશે અને તું તો કાણી છે, ચંદુ, તારા માટે પેલો ભૂંગો જ બરાબર છે. જા તું ભૂંગામાં રહે. ચંદુ કાણીએ મન મનાવ્યું ચાલો હું હવે એકલી તો નહીં પડું.

છ બહેનો ઘર જોવા અંદર આવી. દરેક ઘરમાં મોટા કબાટ સોના ચાંદીના દાગીના વાસણ, કીંમતી ઝર ઝવેરાત, મોંઘાદાટ વસ્ત્રો, હીરા માણેક મોતીથી ભરેલા હતા. દરેક રૂમમાં કીંમતી રાચ રચીલા, પલંગ હતા. ચંદુ ભૂંગામાં આવી. ભૂંગો બહારથી સાવ સાધારણ દેખાતો હતો. ચંદુએ ભૂંગામાં પગ મૂક્યો.

(ક્રમશઃ)

## વેકેશન

વેકેશન...વેકેશન...
આવ્યું રે આવ્યું વેકેશન
ચોપડા નોટબુકને પોઢાડો
પેંસીલ પેનને છુપાવો
સ્કુલ ડ્રેસ કબાટમાં મુકાવો
વેકેશન...વેકેશન...
મધમીઠી ચોકલેટ જેવું વેકેશન આવ્યું રે આવ્યું વેકેશન
ગીલીદંડા ઠેરીએ રમો
ખો ખો પકડ દાવ રમો
લંગડી ને કબડ્ડી રમો
નાગોડીયો થપ્પો દાવ રમો
વેકેશન વેકેશન
ખાટી મીઠી આમલી જેવું વેકેશન
આવ્યું રે આવ્યું વેકેશન

દાદા દાદી પાસે બેસો
આંગળી ઝાલી બગીચે જાઓ
લસરપટ્ટી હીંચકા ખાઓ
ચકડોળ ઢીંચકદાના માણો
નવી જૂની વાર્તા સાંભળો
વેકેશન વેકેશન

મીઠી મીઠી આઈસક્રીમ જેવું વેકેશન
આવ્યું રે આવ્યું વેકેશન
નાના નાનીને ઘેર જાઓ
વાડીના ધોધમાં નહાઓ
વઈવાઈએ હીંચકા ખાઓ
આંબા તરબૂચ ટેટી ખાઓ
આમલી પીપળી રમો
મામા સાથે મોજ કરો
વેકેશન વેકેશન...

મીઠી મીઠા આંબા જેવું વેકેશન આવ્યું રે, આવ્યું વેકેશન
કાર્ટૂન જુઓ ગેમ રમો
રમો રમો ખૂબ જ રમો
બાર મહીનાની કસર કાઢો
તન મન તાજું માજું કરો
તાજગીનું ભાથું ભરો
વેકેશન વેકેશન

બર્થ ડે ના કેક જેવું
સ્પોંજી સ્પોંજી વેકેશન
આવ્યું રે આવ્યું વેકેશન
(ટબલી)

## શબ્દભાગ

### શું તમે જાણો છો ?

1 થી 11 સુધીના સ્પેલીંગમાં ABCD નો ઉપયોગ ક્યાંય પણ નથી થતો.

D નો પ્રયોગ પહેલી વાર પહેલીવાર "Hundred" માં થાય છે.

1 થી 111 સુધીના સ્પેલીંગમાં A,B,C નો ઉપયોગ ક્યાંય પણ નથી થતો.

A નો પ્રયોગ પહેલી વાર "Thousand" માં થાય છે.

1 થી 111, 111, 111 સુધીના સ્પેલિંગમાં B, C નો ઉપયોગ ક્યાંય પણ નથી થતો.

B નો પ્રયોગ પહેલી વાર "Billion" માં થાય છે.

C નો પ્રયોગ ઇંગ્લીશ કાઉટિંગમાં ક્યાંય પણ નથી થતો.

## ઉખાણા

(૧) સુદર્શન ચક્ર નથી,
છતાં ગોળ ગોળ ફરું છું
જમીન પર નહીં
છત પર ઊંધો લટકું છું
બરફ હું નથી પણ
સહુને ઠંડક હું આપું છું

(૨) ગોળ ગોળ ચાંદા જેવો છું
પાતળો કાગળ જેવો છું
તરો શેકો ખાવા જેવો છું
દાબો તો ભુકો થાઉં છું
છેલ્લે ભાત સાથે પીરસાઉં છું

(૩) ચાર અક્ષરનું મારું નામ
વહેવું ટપકવું મારું કામ
વધુ પરિશ્રમ કે થામ
ત્યારે હું દેખાઉ માંડ
કંટાળે સહુ મારાથી

**જવાબ :- (૧) પંખો (૨) પાપડ (૩) પરસેવો**

## જાદુઇ દરિયો

એક દરિયો એવો જેમાં કોઈ ન ડૂબે : ડેડ સી અથવા મૃત સમુદ્ર

તરતાં ન આવડતું હોય તો માણસ પાણીમાં ડુબી જાય. પણ આ મૃત સમુદ્ર એવો છે કે આપણે તેના પાણીની સપાટી પર સૂતાં સૂતાં આરામથી પુસ્તક વાંચી શકીએ.

જોર્ડન અને ઇઝરાયેલની વચ્ચે 'ડેડ સી' એટલે કે 'મૃત સમુદ્ર' આવેલ છે. ખરેખર તો આ ૭૭ કિલોમીટર લાંબુ અને ૧૮ કિલોમીટર પહોળું તળાવ છે. વિશાળ હોવાથી તેને સમુદ્ર કહે છે. આ સમુદ્રને એક પણ નદી નથી મળતી. એટલે તેનું પાણી દિવસેને દિવસે ખારું ઘનતા વધારે છે. જેથી માણસ તેમાં ડુબતો નથી. આ સમુદ્રમાં કેલ્શિયમ, મેગેનીઝ અને સિલિકાના ક્ષારો ભળ્યા કરે છે અને પાણી જાડું થતું જાય છે. વધુ પડતા ક્ષારો હોવાના કારણે માછલી કે વનસ્પતિ જીવી શકતા નથી, એટલે તેને મૃત સમુદ્ર કહે છે.

## તફાવત શોધો

### અગિયાર તફાવત




## Poem

***Nothing Gold can Stay***



Nakure's first green is gold,
Her hardest hue to hold.
Her early leaf's a flower;
But only so an hour.
Then leaf subsides to leaf,
So kden sank to grief,
So dawn goes down to day
Nothing Gold can stay.

**Harsh S. Budhbhatti, Std-VI**

## જવાબ શોધો

(૧)

A

| | |
|---|---|
| ૭ | ૧૫ |
| ? | ૩૧ |

B


| | |
|---|---|
| ૯ | ? |
| ૭૯ | ૩૯ |

C

| | |
|---|---|
| ૧ | ૨૩ |
| ૯૫ | ૪૭ |

જવાબો : A ૬૩ B ૧૯ C ૧૧

(૨)




જવાબ : C = 95

(૩) પ્રશ્નોત્તરી :

(૧) પાણીનું ઘન સ્વરૂપ ?
(૨) કચ્છનું મોટું બંદરગાહ ક્યું ?
(૩) સૌથી વધુ ઝડપી પ્રાણી ક્યું ?
(૪) ભારતમાં વધુમાં વધુ વરસાદ કયા રાજ્યમાં થાય છે ?
(૫) બાળ ભાષામાં ચાવણું ?

**જવાબો :** (૧) બરફ (૨) કંડલા પોર્ટ (૩) ચિત્તા (૪) ચેરાપુંજી (૫) મમ.મમ

**રોહિણી ભરત બુધ્ધભટ્ટી**

## સમર્પણ ગીત (બાળગીત)

સમર્પણની સંધ્યાને લઈ જાય ને
કરી જાણે શિશિ સ્વપનમાં,
ચક્કર ફરે, સંગીત વાગે ને
આવે વિધા રમઝમ
અનેકાનેક પરિઓ આવે
આવે નંદને કિશોર
ભૂલકાંઓ નાચી નાચીને કરે
તા થૈયા થૈયા થૈ
ઘણી ઘણી ગમ્મત જોઈ
થઈ એનામાં પુલકિત
ને મનાવી જાણે સંગના
એક ટોળાનું આ બાળગીત

**જાનકી તરૂણભાઈ સાકરીયા**

## કવિતા

### શું છે આ દુનિયા ?

શું કોઈ જાણે છે કેવી છે આ દુનિયા ?
જેમાં કુદરતે રચેલી અનેક જાતની સંપત્તિને
છતાંય માનવજાત ન માને તેમાં સંતોષ
છે સૌ કોઈ આ સ્વાર્થને આબરૂ બનાવનારા
છતાંયે આ દુનિયામાં કોને રંગ છે કે
કોઈનામાં તે જાણે છે.
કોઈ છે તનનો કાળો
કોઈ છે મનનો કાળો
છતાં સૌ કોઈ કે કુદરતનો પ્યારો.
અને એ જ પ્યારે કુદરતથી કરે છે
દરેક વ્યક્તિના મનને વ્હાલું,
જેમાં કરી જાણે છે
કોઈ કે છે મારું મારું
કોઈ કરે છે બધું તમારું
એ જ કુદરત કરે છે સૌનું સારું.


**જાનકી તરૂણભાઈ સાકરીયા**

**આગામી અંકમાં ચિત્ર-સ્પર્ધા, નિબંધ સ્પર્ધા આદીના પરિણામો હશે જરૂર વાંચશો.**

## શ્રધ્ધાંજલી

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।२-२३।।

જન્મ તારીખ
૨૨-૦૫-૧૯૪૯



સ્વ.તારીખ
૨૬-૦૪-૨૦૧૪

**સ્વ.અશોકકુમાર છગનલાલ પોમલ (રાયપુર)**

**શોકાતુર પરિવાર**

જનક અશોકકુમાર પોમલ

| | |
|---|---|
| નીતુ એન. કંસારા | નિખિલ જી. કંસારા |
| પૂર્વી એસ. શાહ | સચીન જે. શાહ |
| વિશાલ એ. પોમલ | આશા વી. પોમલ |
| મનીષ એ. પોમલ | કીંજલ એમ. પોમલ |

**અશોકકુમાર એન્ડ સન્સ જ્વેલર્સ**
**વિશ્વા કેપીટલ એડવટાઈઝર્સ પ્રા.લી.**
**સિકન્દરાબાદ-૮**
**ફોન : ૦૪૦-૨૭૮૧૨૭૫૬**
**મો.૯૬૬૬૬૬૪૫૬૪, ૯૭૦૧૨૩૪૫૨૬**

# શ્રધ્ધાંજલી



## સ્વ. સોની કસ્તુરબેન શંકરલાલ બગ્ગા (ઉ.વ.૭૯)

**સ્વ.તા.૨૦-૦૪-૨૦૧૪, અંજાર (કચ્છ)**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું.
પરોપકાર તમારૂં રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી,
આપના કર્મનિષ્ઠ પૂણ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે.
ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | |
|---|---|---|
| પુત્ર | સોની અતુલકુમાર શંકરલાલ (બગ્ગા) | અમદાવાદ |
| | સોની અનિલકુમાર શંકરલાલ (બગ્ગા) | અંજાર |
| પુત્રવધુ | સોની હંસાબેન અતુલકુમાર (બગ્ગા) | અમદાવાદ |
| | સોની જશ્મીનબેન અનિલકુમાર (બગ્ગા) | અંજાર |
| પુત્રી | સોની ચંદાબેન કાન્તિલાલ (બારમેડા) | માધાપર |
| | સોની નયનાબેન પ્રવિણકુમાર (પોમલ) | ભુજ |
| | કંસારા તરૂણાબેન નરેન્દ્રભાઈ (બુધ્ધભટ્ટી) | અંજાર |
| | સોની હિનાબેન રાજેશકુમાર (કટ્ટા) | રાજકોટ |
| પૌત્ર-પૌત્રી | પુનિત (USA), કિર્તન, મનાલી, પ્રણાલી, અંજલી | |
| પૌત્રવધુ | સોની મંજરી પુનિતકુમાર | |

**સ્વ. સોની શંકરલાલ ચાંપશી (બગ્ગા) પરિવાર**
**પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર (કચ્છ)**

# શ્રધ્ધાંજલી



સ્વ.તા.૨૭-૦૫-૨૦૧૪, મંગળવાર વૈશાખ વદ-૧૪

## સ્વ. માણેકબેન કલ્યાણજીભાઈ બુધ્ધભટ્ટી (કચ્છ કોઠારાવાળા)

મુ.વડાલી, જિ.સાબરકાંઠા.

આપની હસતી તસ્વીર જોઈ, અમારી આંખો રડી પડે છે,
આપ અમારી વચ્ચે નથી તે હૃદય માનતું નથી, યાદોમાં આપ જીવીત છો,
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર
આત્માની શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

| | | |
|---|---|---|
| ભાઈલાલભાઈ કલ્યાણજીભાઈ બુધ્ધભટ્ટી | લીલાવંતીબેન ભાઈલાલભાઈ બુધ્ધભટ્ટી | - નખત્રાણા |
| શાંતિલાલ કલ્યાણજીભાઈ બુધ્ધભટ્ટી | નર્મદાબેન શાંતિલાલ બુધ્ધભટ્ટી | - વડાલી |
| વિનોદકુમાર કલ્યાણજીભાઈ બુધ્ધભટ્ટી | પુષ્પાબેન વિનોદકુમાર બુધ્ધભટ્ટી | - ગઢશીશા |
| અમરતભાઈ કલ્યાણજીભાઈ બુધ્ધભટ્ટી | પુષ્પાબેન અમરતભાઈ બુધ્ધભટ્ટી | - અમદાવાદ |

(પૌત્ર)

જગદીશ શાંતિલાલ બુધ્ધભટ્ટી
જૈનિત ભાઈલાલભાઈ બુધ્ધભટ્ટી
ચેતન ભાઈલાલભાઈ બુધ્ધભટ્ટી
ડૉ.જિંકલ વિનોદકુમાર બુધ્ધભટ્ટી
આકાશ અમરતભાઈ બુધ્ધભટ્ટી

(પૌત્રી)

છાયા, પાર્મિતા, કૃપા, ભૂમિ, નેહા,
હિતેષી, માનસી, સ્વ.દર્શના.

(બેન)

શારદાબેન ચુનીલાલ પોમલ
ગં.સ્વ. ચંદ્રિકાબેન જમનાદાસ બારમેડા
લક્ષ્મીબેન છગનલાલ પોમલ

(જમાઈ)

ચુનીલાલ મનજીભાઈ પોમલ
સ્વ.જમનાદાસ જાદવજીભાઈ બારમેડા
છગનલાલ વેલજીભાઈ પોમલ

# પ્રેમની પીડા ઘણી મીઠી હોય છે

**અરવિંદ સોમૈયા**

પ્રીત કરે સો બાવરા અણગમત કે સંગ,
દિપક કે દિલમેં નહી જલ જલ મરે પતંગ.

આમ તો પ્રેમ એ કરવાની નહીં 'થઈ જવાની' ઘટના છે પ્રેમ કરવા માટે લાયકાત નહીં, હૃદય જોઈએ. દિમાગ ગેરહાજરીમાં જ એક વ્યક્તિ બીજા વ્યક્તિની બની જતી હોય છે. વધે ઘટે એવો પ્રેમ આજે આખા જગતમાં રેલાઈ રહ્યો છે. ને ફેલાઈ રહ્યો છે. જેને આપણે સ્વાર્થ અથવા મોહ નામ પણ આપી શકીએ વધે-ઘટે નહીં અને હૃદયમાં વસે એજ સાચો પ્રેમ એક કબીર સાહેબ કહે છે ને ડાયરાના કલાકારો પણ કહેતા હોય છે કે.

**'સચ્ચે પ્રેમ કી તો સારે જહા મેં અસર હોગી
ઔર ન હોગી તો સમજના તેરી કહી કસર હોગી'**

પ્રેમ એક જીવન છે. ઈશ્ક હી ખુદા, પ્રેમ એજ પરમેશ્વર Love is god and god is Love. દરેક ધર્મ પ્રેમની પ્રશંસા કરે છે. લાગણીથી હૃદય કોમળતા પ્રાપ્ત કરે, સામેની વ્યક્તિ માટે મમતા થાય એ લાગણીને એ ભાવને બુધ્ધિમાન વ્યક્તિઓ પ્રેમ કહે છે.

**'પ્રેમ કિયા નહીં જાતા હો હી જાતા હૈ,
સોલા ખુદ ભડકતા હૈ ઉસે ભડકાયા નહીં જાતા.'**

સાચો પ્રેમ અને સાચો પ્રેમી આપતાં શીખે, લેતાં નહીં, આપીને લેવું એ તો વ્યાપારની ભાષા થઈ. આજે સાચા પ્રેમીઓ જડતા નથી, મળતા નથી એમ પ્રેમને નીભાવનારા પણ મળતા નથી. નિર્મળ પ્રેમને લૌકિક બંધન નથી હોતા. કહેવાય છે ને કે પ્રેમને નેજા નહીં જેમ પેટ્રોલવાળા હાથે રસોઈ બનાવીએ તો રસોઈ બગડે એમ પ્રેમમાં કપટ આવે તો પ્રેમ બગડે.

**'જો તુઝકો મંજુર નહીં થા ફુલ ખીલે ઈશ પ્યાર કે,
ફિર ક્યું તુને ઈન આંખો સે રંગ દિખાયે બદીર કે,**

કહેવાય છે ને કે રામબાણ વાગ્યા હોય એ એની પીડા જાણે જેને કાંટો વાગ્યો હોય એ કાંટાની પીડા જાણે. જેને પ્રેમ થઈ ગયો છે એજ પ્રેમનું દુ:ખ અનુભવી શકે.

**પ્રેમની પીડા ઘણી મીઠી હોય છે.**

**'ચાંદની રાત મે ચાવલ ધો રહી થી
પિયા તેરી યાદ મેં ટપ ટપ રો રહી થી.'**

જે સહન કરવાની તૈયારી નથી રાખતો એને પ્રેમ કરવાનો અધિકાર નથી. પ્રેમમાં તો ડગલે ને પગલે સહન કરવાનું આવે છે.

મિત્રો આટલી તૈયારી હોય તો જ આગળ વધજો. એક શિકારીએ બાણ દ્વારા ચાતકને ઘાયલ કર્યો. તરફડતો તરફડતો એ ચાતક ગંગાના નિર્મળ-પવિત્ર નીરમાં પડ્યો. પણ ના...તેણે તે જળમાં પોતાની ચાંચ ન બોળી, વરસાદના બિંદું સિવાય તે બીજું પાણી પીએ નહીં. આનુ નામ સાચો પ્રેમ.

**'ચાહતમાં એક-બીજાની ફિકર હોવી જોઈએ.'
આ વાતની તનેય ખબર હોવી જોઈએ.**

પણ આજે તો 'કંપોઝીશનને બદલે પોઝીશન' જોવાય છે. બાઈક હોય તો તમને કોઈ પણ છોકરીની લીફ્ટ મળી જાય. 'લીફ્ટને ગીફ્ટ'ના જમાનામાં જીવતા આજના યુવાનને ધિક્કાર મળે છે પણ અધિકાર નથી મળતો.

કારણ કે 'લાગણીની થઈ માંગણી ને ગવાયા. ફિલ્મોના ગીત, સોમૈયા ત્યારથી સંસારમાં પાંગળી બની ગઈ પ્રીત'

પોતાની ધારણામાં સુધારણા કરવાએ તૈયાર નથી. તેમાંય આજે તો વળી તમારી પાસે 'પાસબુક' 'ચેકબુક' અને 'ફેસબુક' હોય તો જ તમને કોઈ પ્રેમ કરવાવાળી મળે. પણ મિત્રો, પાસબુક-ચેકબુકો ને ફેસબુકએ સગવડ છે. પ્રેમ નથી કોઈકે સાચું જ કહ્યું છે ને કે,

'કોઈ કહે પ્રેમ એ સુખ છે, કોઈ કહે પ્રેમ એ દુ:ખ છે'
પરંતુ આજનો પ્રેમ એ તો દેહની ભુખ છે.

# "પ્રકૃતિ સાથે હું"

**પ્રવિણાબેન પી. બારમેડા**

પંખીએ કર્યો કલરવને, મંદિરની ઝાલરનો રણકાર,
સવારના સૂર્યકિરણો ઝીલી, જીવન મારૂ તેજસ્વી બનાવું.
થયાં વસંતના વધામણાં, મનમાં મારા થયો ઉમંગ,
હિલોળે ચડ્યાં તન-મન, થયો પ્રમીની સંગમ.
વરસે મેહ ઝરમમરને, પ્રકૃતિએ સજ્યાં શણગાર,
હરિયાળી થઈ છે ધરતી, જીવન મારું લીલુંછમ બનાવું.
ઝળહળ વહેતાં ઝરણાં, પ્રકૃતિને ખોળે નિર્દોષ હરણાં,
દોડતાં હરણાંને જોઈ, જીવન મારું સોમ્ય બનાવું.
મંદમંદ શીત પવન વહેતો, આવી પુષ્પોની સુગંધ,
ફૂલ બની જાઉં ગુલાબનું, દૂર કરુ મનની દુર્ગંધ.
ડુંગરે વેઠ્યાં ટાઢ-તડકાં, છોને ઊભો અડીખમ,
ખડતલ જીવન બનાવી મારૂ, સહનશક્તિ લાવું ધરખમ.
નદીનો આ પ્રવાહ વહે, સાગરમાં તે જઈ ભળે,
સાગરના વિશાળ દિલસમું, વિશાળ મારું હૃદય બનાવું.
પ્રાકૃતિક સૌંદર્યને પ્રભુ હું, મારા જીવન સાથે સરખાવું,
જીવનમાં લાવી સૌંદર્ય; મધુર મારું જીવન બનાવું.
કુદરત તારા પ્રાકૃતિક સૌંદર્યને શબ્દોમાં વર્ણવી ના શકું;
હું માનવ ખુદ તારું જ સર્જન, એમ અમસ્તું વેડફી ન શકું.
ચૂકવી શકું કરજ તારું, એવું જીવન ધન્ય બનાવું.

**સર્વે તેજસ્વી વિદ્યાર્થીઓને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન...**



**બુધ્ધભટ્ટી રોહિણી ભરતકુમાર**
ડીપ્લોમા ઇન ડીસાસ્ટર મેનેજમેન્ટ
૭૭.૧%



**હેડાઉ ધ્રુવ પ્રવિણભાઇ**
સોપાન-૩-બ
૯૮.૮૮%



**હેડાઉ હર્ષવી પ્રવિણભાઇ**
ધોરણ-૩-બ
૫૩.૬૦%



**પરમાર નિવા ગૌરવભાઇ**
ધોરણ-૧
૯૧.૫૦%



**કુ.શ્રૃતિ પ્રશાંતભાઇ બિજલાણી**
ધોરણ-૨
૯૮.૭૫%



**રિધ્ધી સોની**
ધોરણ-૪-અ



**પ્રિયંકા સોની**
ધોરણ-૧૧



**હિના એ. સોની**
ધોરણ-૮-અ



**નીલ કિશોરભાઇ પોમલ**
ધોરણ-



**વત્સલ બુધ્ધભટ્ટી**
ધોરણ-૬



**રાજવીર શીતલભાઇ કંસારા**
ધોરણ-૩-અ



**ફાગુન મેહુલભાઇ સોની**
ધોરણ-૭
૮૫%



**પ્રણવ ધર્મેન્દ્રભાઇ સોની**
ધોરણ-૮
૭૬.૭૯%



**દર્શન દિનેશભાઇ સોની**
ધોરણ-૮
૯૨.૬૪%



**હિનલ બુધ્ધભટ્ટી**
ધોરણ-૯



**પ્રાચી પ્રશાંતભાઇ બુધ્ધભટ્ટી**
ધોરણ-૨-બ
૯૩.૩૩%



**દક્ષ સોની**
જુ.કે.જી
૯૨%



**પંક્તિ સોની**
ધોરણ-૬
૮૭%

---



**કુ.મનાલી અનિલભાઇ સોની (બગ્ગા)**
M.B.A.

## જ્ઞાતિ ગૌરવ

MBA+PGP in International Business ની ડીગ્રી ઉચ્ચ ગુણાંક સાથે પ્રાપ્ત કરી પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી જ્ઞાતિસેતુ પરિવાર તરફથી શુભકામના.

## મેરેજ બ્યુરો

(મનગમતા જીવનસાથી મેળવો)

રજી. નં.૧૫૧ : યુવક :- અટક બારમેડા, ઉંમર ૩૭, અભ્યાસ ૧૦, ઊંચાઈ ૫.૫, વજન ૬૫, વ્યવસાય, નકશી કામ, મશીન છોલ સોનાનું, માસિક આવક ૨૫,૦૦૦, કુંવારા

રજી. નં.૧૫૨ : યુવક :- અટક છત્રાળા, ઉંમર ૩૪, અભ્યાસ ૧૨, ઊંચાઈ ૫.૫, વજન ૫૨, વ્યવસાય વાસણનો વેપાર, માસિક આવક ૧૫,૦૦૦, કુંવારા

રજી.નં.૧૫૩ : યુવક :- અટક બારમેડા, ઉંમર ૪૮, અભ્યાસ ૧૦, ઊંચાઈ ૫.૫, વજન ૭૮, વ્યવસાય સોની કામ, માસિક આવક ૧૫,૦૦૦, કુંવારા

રજી.નં.૧૫૪ : યુવક :- અટક બારમેડા, ઉંમર ૪૨, અભ્યાસ ૮, ઊંચાઈ ૫.૨, વજન ૭૫, વ્યવસાય રીયલ એસ્ટેટ બ્રોકર, માસિક આવક ૨૦,૦૦૦ કુંવારા

રજી.નં.૧૫૫ : યુવક :- અટક કોટડિયા, ઉંમર ૩૬, અભ્યાસ બી.એ, ઊંચાઈ ૬, વજન ૬૨, વ્યવસાય સોની કામ, માસિક આવક ૨૦,૦૦૦, કુંવારા

રજી.નં.૧૫૬ યુવક :- અટક છત્રાળા, ઉંમર ૪૫, અભ્યાસ ૧૦, ઊંચાઈ ૫.૨, વજન ૫૫, વ્યવસાય સિલ્વર જ્વેલરી, માસિક આવક ૨૫,૦૦૦, કુંવારા

રજી.નં.૧૫૭ યુવક :- અટક બીજલાણી, ઉંમર ૨૯, અભ્યાસ-પેરામેડિકલ, ઊંચાઈ ૫૬, વજન ૫૧, વ્યવસાય :- ટુરીઝમ, માસિક આવક ૪૦,૦૦૦, કુંવારા

રજી.નં.૧૫૮ યુવક : અટક સોલંકી, ઉંમર ૩૪, અભ્યાસ બી.કોમ., એમ.સી.એ., સીઆઈસી, ઊંચાઈ ૫, વજન ૫૫, વ્યવસાય ટ્યુશન ક્લાસ, માસિક આવક ૧૨,૦૦૦, કુંવારા

રજી.નં.૧૫૯ યુવક : અટક પરમાર, ઉંમર ૩૦, અભ્યાસ એમ.એસસી ઇન કોમ્પ્યુટર સાયન્સ, ઊંચાઈ ૫.૬, વજન ૬૫, વ્યવસાય નોકરી (ઓસ્ટ્રેલિયા), માસિક આવક ૩,૦૦,૦૦૦, કુંવારા

**મનગમતા જીવનસાથી મેળવો મેરેજ બ્યુરો મહિલા સેલ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા સેલ સંચાલિત**

## MATRIMONY



**Name :** Anand D. Chandiwala (Kansara)
**Date of Birth :** 14th July, 1987
**Time :** 4.55 p.m.
**Place :** Surat City, Gujarat
**Height :** 5. Ft. 11. Inches
**Weight :** 66 kg.
**Skin :** Very Fair
**Education :** B.B.A.
**Occupation :** 1. High Rise Buildings Re-strengthening & Restoration.
2. PublicityHoardings
**Business website :** www.bbms.in
**Father :** Dipakbhai C. Chandiwala (Kansara) B.Com.
**Mother :** Darshana D. Chandiwala, B.Sc.
**Sister :** Soniya Chiragkumar Patel, U.S.A.-Married. M.S. in Physical Therapy, u.s.a university
**Family Diet :** Vegetarian & Non-drinker.
**Add. :** 15, Mangalmurti Apartment, Kadampalli Road, Timaliyawad, Nanpura Surat, 395001. Guj. INDIA.
**Contact :** Dipakbhai. Mobile No.09327324466
**Email ID :** dcchandiwala@yahoo.co.in



| | |
|---|---|
| **Name** | : Pooja Anant Parmar |
| **D.O.B.** | : 20/04/1989 |
| **Time** | : 1:56 pm |
| **Place of Birth** | : Bhuj |
| **Height** | : 5.6’ |
| **Weight** | : 52 kgs |
| **Education** | : B.Com. C.S. Running |
| **Occupation** | : Executive - Suweillance-Audit/ Inspection |
| **Father** | : Anant Mohanlal Parmar (Retired) |
| **Mother** | : Mala Anant Parmar (House wife) |
| **Brother** | : Ketan Anantkumar (Network engineer - Australia) |
| **Address** | : 9, Dharnath Appartment, Vadnagar Patidar Society, Rambaug, Maninagar, Ahmedabad-380008 |
| **Mob. No.** | : 9978986771 |
| **Resi.No.** | : 079-32925252 |
| **Mosal** | : Devshi Madhavji Soni (Todavala) |

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00